જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૨૯ • તા. ૧૪ જુલાઈ થી ૨૦ જુલાઈ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ Regn. No. MH/MR/East/53/2012-14

## ઈ. સ. ૧૯૨૬ દીવાળીનો પ્રકાશનો બીજો અંક
## સામાયિકના પાના પરના મિની જ્ઞાતિ સમ્મેલન જેવો હતો




કવર




પહેલું પાનું









શેઠ શિવજી ખેતસી ગુંદરવાલા



શેઠ વસનજી શોજપાર

શેઠ પાસુભાઈ પરબત




શેઠ કેશવજી નાયક (ઉપર) અને શેઠ ખેતશી ખીઅશી (નીચે)

# C O N G R A T U L A T I O N S



## ANKUR KAMLESH SHAH (Born 1986)

(Sujapur - Ghatkopar)
BE (Comp.Sci.), MBA (I.T.) Pass 70%
Placement - Vistar System P. Ltd. Mumbai

**-: Best Wishes from :-**

દાદી : ઉષા કાંતિલાલ શાહ
નાના : માણેકજી ચાંપશી ભાટે (કોઠારા)
મમ્મી-પપ્પા : ઉર્વી કલમેશ શાહ (૯૮૨૦૬૮૫૬૩૩)
મામી-મામા : હર્ષા ભુપેન્દ્ર ભાટે
ફઈ-ફુઆ : તૃપ્તિ કિરણ ભેદા (વારાપધર)

# અમીભર્યા અંતરની હાર્દિક શુભેચ્છા.... અભિનંદન....



## કુ. કૃપા હર્ષદભાઈ ગાંધી (ઉ.વ. ૨૨)

ગાંધીધામ (કચ્છ)

અમારી ચિ. કૃપાએ B.Com. થઈ હાલ I.C.A. માં ઉચ્ચ ગુણાંકે ઉત્તીર્ણ થઈ પરિવારનું ગૌરવ વધાર્યું છે. સફળ શૈક્ષણિક કારકીર્દી બદલ હાર્દિક અભિનંદન. ભાવિમાં પણ ખુબ પ્રગતિ કરી આગળ વધે તેવી શુભેચ્છાઓ.
કુ. કૃપા મહેંદી, હસ્તકલા, શણગાર, સજાવટ આદિ કલાઓમાં નિપુણ છે.
કુ. કૃપા શ્રી ભલારાદાદા એસ્ટેટ એજેન્સી ગ્રુપમાં બીઝનેસ એકઝીક્યુટીવ તરીકે કાર્યરત છે. બીઝનેસ મેનેજમેંટ, માર્કેટીંગ અને બીઝનેસ પ્રમોશન પ્રદર્શનોમાં કમર્શીયલ ફોટોગ્રાફી-વીડીયો શુટીંગ કાર્યો સંભાળે છે.
તેને હાર્દિક અભિનંદન અને યશસ્વી ભાવિની શુભેચ્છાઓ.

**શુભેચ્છક**
ભલારાદાદા એસ્ટેટ એજન્સી - પરિવાર
ગાંધીધામ. ફોન : ૦૯૮૨૫૩૫૧૦૦૧

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | - |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | - |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## "અનંતછાયા"ને આપણું પોતાનું જ રાખીએ... - *ઠાકરશી મેઘજી ગોશર (મુંબઈ)*

"પ્રકાશ-સમીક્ષા"માં શ્રી પ્રવીણ ખોનાના "અનંતછાયા" વેચાણ માટે ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશ્નરમાં કરેલ અરજી અને તેમના ડેવલપર સાથેના MOU વિષે વિશ્લેષણ કરતા લેખો વાંચ્યા.. તેમણે જે મુદ્દાઓ ઉઠાવેલા છે તે ઘણા ગંભીર છે અને સરાહનીય છે. તેમના લેખો વાંચીને વિચાર કરવાની બધા જ્ઞાતિજનોને વિનંતિ કરૂં છું. પ્રવીણભાઈને MOUની નકલ આપવાની ટ્રસ્ટીઓએ ના પાડી તે વાત પણ આશ્ચર્યજનક છે. ટ્રસ્ટીઓએ સમજવું જોઇએ કે ટ્રસ્ટના કોઈ પણ દસ્તાવેજ તેમની અંગત માલિકીના નથી અને કોઈ પણ લાભાર્થીને તેની નકલ મેળવવાનો કાયદેસરનો મૂળભૂત અધિકાર છે.

અમે બંને., ચાલીસેકવર્ષ પહેલા અનંતનાથજી ટ્રસ્ટમાં સહટ્રસ્ટીઓ હતા અને ત્યારના ટ્રસ્ટબોર્ડે અનંતછાયા, અનંતદીપ, નવા અનંતભુવન ઇત્યાદિ ટ્રસ્ટની મિલકતો બાબતે ઘણાં ચાવીરૂપ નિર્ણયો લીધા હતા.. પાછળના ૬૪ ફ્લેટોની ફાળવણી માટે નામદાર કોર્ટે સૂચવેલ લોટરી પધ્ધતિ અપનાવતાં જે અમુક અરજકર્તાઓને અનુચિત રીતે  ફાળવણી થયેલ તે ખ્યાલમાં આવતાં નામદાર કોર્ટનું ધ્યાન દોરવા અમારા ટ્રસ્ટબોર્ડે શરૂઆતમાં નિર્ણય લીધો હતો., પરંતુ છ-સાત વર્ષ સુધી બંધ રહેલા ફ્લેટો ફરી પાછા કોર્ટની કાર્યવાહીમાં વધારે બે-ત્રણ વર્ષ સુધી અટવાઈ જશે તેવી શક્યતા જોતા વિશાળ જ્ઞાતિહિતમાં એ રજુઆત કરવાનું માંડી વાળેલ.

સ્વ પ્રશંસાનો દોષ વહોરીને પણ કહેવું પડે છે કે જે રીતે ત્યારના ટ્રસ્ટ બોર્ડે જ્ઞાતિનું વિશાળ હિત જોયું તેમ અત્યારના ટ્રસ્ટબોર્ડે પણ તે અંગે સવિશેષ લક્ષ આપવાની જરૂર છે.

આજથી પચાસેક વર્ષ પહેલાં જ્ઞાતિજનોની રજુઆતો અને માગણીઓને ધ્યાનમાં લઈ તે વખતના ટ્રસ્ટીઓએ યોગ્ય નિર્ણય લઈ દેરાસરજી ખાતાની ગવર્નમેન્ટ સીક્યોરીટીઝનું નુકસાન કરીને પણ વેંચી અને એની કિંમતમાંથી અનંતછાયાનો પ્લોટ લીધો હતો.

એ એક નિર્વિવાદ હકીકત છે કે "અનંતછાયા"ની જમીન ટ્રસ્ટ સ્કીમના સાધારણ ખાતાને લગતી કલમ ૧૯(ઓ) હેઠળ જ ખરીદાયેલી છે અને તે મુજબ અત્યારના ૧૦૪ ફ્લેટો બંધાયેલા છે અને ફાળવાયેલા છે. આ માટે નામદાર હાઈકોર્ટ સુધી (૧૯૬૭ થી ૧૯૭૨ દરમ્યાન) જે કોર્ટ કાર્યવાહી થયેલ તેમાં ચૂકાદાઓમાં આ કલમ ૧૯(ઓ)નો નબળા/જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને ભાડેથી રહેણાંક આપવા વખતોવખત ભારપૂર્વક પ્રતિપાદન થયેલ છે.

એટલે અત્યારે જે પ્રમાણે ટ્રસ્ટ સ્કીમની જોગવાઇઓ છે તેને નજરઅંદાજ કરી શકાય નહીં તે દૃષ્ટિએ હું કેટલાક વ્યવહારૂ સૂચન કરવા ઇચ્છું છું, જેથી "અનંતછાયા"નું વર્તમાન કોકડું સુલઝાવી શકાય..

મેં કેટલાક આર્કિટેક્ટ અને નિષ્ણાત કાયદાશાસ્ત્રીઓ સાથે ઊંડાણમાં સલાહ વિમર્શ કર્યો છે તેના આધારે જે નિરાકરણ શક્ય બની શકે છે તેની રૂપરેખા નીચે પ્રમાણે છે.

સૌ પ્રથમ તો "અનંતછાયા"નું વેચાણ કરવું જ નહીં, પરંતુ જ્ઞાતિએ જ તેનો વિકાસ કરવો.. અનંતછાયાની જમીન પર ભાડુતોને નવા ફ્લેટો આપવા ઉપરાંત બાકીનું ૫૦૦૦૦ ચો.. ફુટ જેટલું ઓછામાં ઓછું બાંધકામ મળી શકે છે. કેટલાક મહીના પહેલાં ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનમાં સુધારાઓ અમલમાં આવ્યા છે તેને જોતાં ફન્જીબલ એફ.એસ.આઈ. એ બાંધકામ ૬૦૦૦૦ ચો.ફુટ જેટલું શક્ય છે. પરંતુ આપણે કોઈ પણ પ્રોજેક્ટનું આયોજન કરવું હોય ત્યારે આવક ઓછી અને ખર્ચ વધારે હોય તેવી ગણતરી કરવી જોઇએ. આ બાંધકામનો કોન્ટેક્ટ આપણી જ્ઞાતિના કોઈ પણ પ્રતિષ્ઠિત કોન્ટ્રેક્ટરને આપવાનું

વિચારીએ તો તેમાંના ઘણાં અને બીલ્ડર સુધ્ધાં વ્યાજબી દરે, સેવાભાવનાના આશયથી આ કામ કરવા તૈયાર થશે તે ચોક્કસ છે.

એટલે ઉપરોક્ત ૫૦,૦૦૦ ચો.ફૂટના બાંધકામમાં ૧૫૦૦૦ ચો.ફુટ ગરીબ-જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે અલાયદા રાખીએ તો ત્રણસો ચો.ફૂટના પચાસેક ફ્લેટ બાંધી શકાય, જે મુજબ ટ્રસ્ટડીડની ઉપરોક્ત કલમ ૧૯(ઓ)નું પાલન કરી શકાય.

શેષ ૩૫૦૦૦ ચો.ફુટમાં પચાસેક ફ્લેટ (૭૦૦ ચો.ફૂટના) અથવા ૬૦ ફ્લેટ (૬૦૦ ચો.ફૂટના) જે બે બેડરૂમ કીચનના હોય તે જ્ઞાતિજનોને વેચાણથી ઓફર કરી શકાય.

એ રીતે ૩૫૦૦૦ ચો. ફૂટના ઓછામાં ઓછા પંદરેક હજારનો ભાવ ગણીએ તો બાવન કરોડ રૂપિયા ઇચ્છુક જ્ઞાતિજનો પાસેથી જ મેળવી શકાય તેમ છે, તે માટે શરૂવાતમાં બુકીંગ વખતે વેચાણ કિંમતના ૬૦% એટલે કે ત્રીસેક કરોડની રકમ વિના મુશ્કેલીએ ઊભી કરી શકાય તેમ છે. અને જેમ જેમ બાંધકામ પ્રગતિ કરે તેમ તેમ બાકીના વીસેક કરોડ માસિક એક કરોડના હપ્તાથી વીસેક મહીનામાં મળી શકે.

આમ, ટી.ડી.આર.ની ખરીદ કિંમત, ભાડુતોને ટેમ્પરરી જગ્યાના ભાડાની રકમ ને બાંધકામનો ખર્ચ વિગેરે સર્વ ખર્ચનો પ્રબંધ થઈ શકે તેમ છે, જેમાં અતિથિગૃહ માટેના કેટલાક ફ્લેટ, દેરાસર, ઉપાશ્રયનો ખર્ચ પણ સમાવેશ થઈ જાય છે. અલબત, દેરાસરજી ઉપાશ્રય અને અતિથિગૃહ સાથે નામો જોડવાની શરતોએ અનુદાન કરવા જ્ઞાતિજનોને ટહેલ કરાય તો ટ્રસ્ટને ઓછામાં ઓછા બીજા વીસેક કરોડ સહેજે મળી શકે તેમ છે, અને દેરાસરજી/ઉપાશ્રયનું નિર્માણ તો તેઓ પોતાના ખર્ચે જ કરે તેવી રીતે પણ રાજીખુશીથી સહમત થાય તેમ બની શકે છે.

એક વ્યવહારૂ કલ્પના કરીએ કે અત્યારનાં દેરાસરનું આપણા જ હસ્તે શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક છુટું પાડીએ તેમાંની મૂર્તિઓને પણ પૂરેપુરી જયણા પાળી સ્થળાંતર કરાવી પૂજા-આરાધના ચાલુ રાખીએ અને નવા દેરાસરનું પણ જે ભાગ્યશાળી જ્ઞાતિજનના હસ્તે નિર્માણ કરીએ !

બાંધકામ જે ફ્લેટો નબળા, જરૂરિયાતમંદોને અપાય તે અગિયાર મહીનાના લીવ-લાયસન્સની કડક શરતો પર આપવા (માસિક ભાડું રૂા.૩૦૦ જેટલું હોય) તેમજ અત્યારના ભાડુતોને અને બાકીના ખરીદકર્તાઓના ફ્લેટોના ઓનરશીપના એગ્રીમેન્ટમાં તેનું વેચાણ કરતી વખતે ટ્રાન્સફર ફી તરિકે ઓછામાં ઓછા ૧૫% ટ્રસ્ટને મળવા જોઇએ તેવી જોગવાઈ કરવી ઘટે. જેની આવક અન્ય જ્ઞાતિજનોને અન્યત્ર રહેઠાણ લેવા માટે ઉપયોગ કરી શકાય જેથી ઉપરોક્ત કલમ ૧૯(ઓ) ની પણ પુર્તિ થતી રહે.

આ તો એક પ્રાથમિક રૂપરેખા છે જેના વિકલ્પમાં અન્ય રીતે પણ આયોજન કરી શકાય.

ટૂંકમાં, "અનંતછાયા"ની જમીન જ્ઞાતિની જ રહે અને તેમાં ફક્ત આપણા જ જ્ઞાતિજનો હોય, દેરાસરજી અને ઉપાશ્રય વિગેરેમાં આપણી જ્ઞાતિનું જ વર્ચસ્વ રહે. એ પ્રમાણે આપણી વસાહત અકબંધ રેહ તેમાં જ જ્ઞાતિનું વિશાળ હિત સચવાઈ શકે તે નિઃશંક છે.

મારા એક જુના અસીલના એક પરિચિત બીલ્ડરને અમસ્તી વાત કરતાં તેઓ અત્યારની જ વેચાણ કિંમત ઉપરાંત ભાડુતોને વધારાનો એરીઆ (૧૫% સુધી) આપવા તથા તેને મુક્ત વેચાણના જે ફ્લેટ મળે તે ટાવરની જમીન લીઝ પર લેવા તૈયાર થઈ ગયા હતા. આવી કોઈ પાર્ટી ચેરીટી કમીશ્નર સમક્ષ પોતાની ઓફર રજુ કરશે તેવી પરિસ્થિતિ ટૂંક સમયમાં જ ઉભી થાય તો નવાઈ નહીં. એટલે, ટ્રસ્ટીઓએ પોતાનું મમત્વ ત્યજીને, જ્ઞાતિનું વિશાળ હિત જ્ઞાતિની આ મિલકત સચવાઈ રહે તેમાં છે. તેવા સર્વસામાન્ય મતનો આદર-વિનયપૂર્વક સ્વીકાર કરવો જોઇએ તેમાં જ તેમના પદની ગરિમા-શોભા વધશે.


Since 1984...

Lagna Deep



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
Mob.: 7666688881
ગુરૂવાર બંધ

|| ૐ નમો મહાકાલિકાયૈ ||    || શ્રી આદિ અનંતનાથાય નમઃ ||    || નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
# શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
# શ્રી ક.દ.ઓ. મસ્જીદબંદર જૈન સંઘ

KDO
દશાઓની નવી દિશા

અનંતનાથદાદાની શીતળછાયામાં શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ. પૂ. આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ. સા. જન્મશતાબ્દિ વર્ષે
તેઓશ્રીની દિવ્યકૃપાથી, તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ. સા. ની આજ્ઞા આશીષથી,
સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ.શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. ના શુભાશિષે
સાધ્વી મુખ્યા પ.પૂ.સાધ્વી **નિરંજનાશ્રીજી** મ.સા.ના સુશિષ્યા પરમવિદુષી પ.પૂ.સા.શ્રી **પુણ્યોદયશ્રીજી** મ.સા.ના સુશિષ્યા
પ.પૂ.સા. **સંયમગુણાશ્રીજી** મ.સા. આદિ ઠાણા ત્રણનું
ચાર્તુમાસ આપણા શ્રી સંઘના પ્રબળ પુણ્યોદયે પ્રાપ્ત થયેલ છે.

## "ચાર્તુમાસિક આરાધનાની હાઈલાઈટને જાણી, પ્રેમ પધારજો કરવા સૌ આત્મકમાણી"

ગુરૂવાર, તા. ૫-૭-૨૦૧૨ થી સૂત્ર - ચરિત્રની શરૂઆત
સૂત્રોધિકારે :- ઉપદેશ પ્રાસાદ ભાવનાધિકારે : મત્સ્યોદર ચરિત્ર
રોજ સવારે ૯.૩૦ થી ૧૦.૩૦

તા. ૧૪-૭-૨૦૧૨, રવિવાર : શ્રાવક શિબીર સવારે ૭ થી ૮

ગુરૂવાર, તા. ૫-૭-૨૦૧૨ થી
દીક્ષા કલ્યાણકના ૨૪ એકાસણા
(એકાસણાની શરૂઆત )
"૨૪ તીર્થંકરોના કલ્યાણક છે પરમપાવન,
૨૪ એકાસણાથી તપ કરજો મનભાવન"

"દર રવિના યોજાશે જ્ઞાન શિબિર, દૂર થાય સૌના અજ્ઞાન તિમિર"
બાળકો માટેની દર રવિવારીય શીબીર, બપોરે ૨ થી ૪
તા. ૮-૭-૧૨ , તા. ૧૫-૭-૧૨, તા. ૨૨-૭-૧૨ , તા. ૨૯-૭-૧૨, તા. ૫-૮-૧૨

અષાઢ વદ ૧૨, રવિવાર, તા. ૧૫-૭-૧૨
૪૫ આગમન પૂજન

શ્રાવણ સુદ ૧, ગુરૂવાર, તા. ૧૯-૭-૧૨
સાધ્વી મુખ્યા પ. પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ની માસિક પુન્યતિથી
સમૂહ સ્નાત્ર પૂજા

શ્રાવણ સુદ ૨, શુક્રવાર, તા. ૨૦-૭-૧૨
કચ્છ કેસરી, ભારતદિવાકર પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની જન્મશતાબ્દિ વર્ષે
**૧૦૮ ગુરૂગુણ વંદના**

શ્રાવણ સુદ ૪, રવિવાર, તા. ૨૨-૭-૧૨
જાહેર પ્રવચન : જૈનોની કુળદેવી જીવદયા

શ્રાવણ સુદ ૧૧, રવિવાર, તા. ૨૯-૭-૧૨
જાહેર પ્રવચન : સમયનું મુલ્યાકંન

શ્રાવણ સુદ ૧૩, સોમવાર, તા. ૩૦-૭-૧૨
પરમવિદુષી પ. પૂ. પુણ્યોદયશ્રીજી મ. સા.
માસિક પુન્યતિથિ નિમિત્તે
સમુહ સામાયિકની આરાધના

શ્રાવણ વદ ૫, સોમવાર, તા. ૬-૮-૧૨ થી
અક્ષયનિધિની શુભ શરૂઆત
ચૌદ પૂર્વે સમવસરણ ને અક્ષયનિધિ
ભાવે આરાધી અંતે મેળવીએ મોક્ષનિધિ
**ત્રીજુ સ્મરણ વીર સ્તવના આધારે અભિષેક અનુષ્ઠાન**

**શ્રાવણ વદ ૧૩, મંગળવાર, તા. ૧૪-૮-૧૨ થી પર્યુષણ પર્વની શુભ શરૂઆત**

કન્વીનર : કુમાર બાબુભાઈ દંડ - ૯૩૨૨૬૮૦૦૮
મેમ્બર :- મધુરીબેન મુલચંદ લોડાયા, કમલેશ શીવજી શિયાલ, ગુલાબ ડુંગરશી ધરમશી,
પ્રફુલ ચીમનલાલ મોતા, કિરીટ ઉમરશી છેડા

**વારાપધરમાં** બિરાજમાન કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના **લોડાયા ગોત્રના** ભાવિકો જોગ, સહર્ષ જણાવવાનું કે લોડાયા ગોત્રના કુળ દેવી શ્રી સચ્ચાઈ માતાજીના ભૂઈજીની ગંધી બદલવાની ઉજવણીનો મંગલમય કાર્યક્રમ નીચે પ્રમાણે નિર્ધારીત થયેલ છે.

**પૂ. સચ્ચાઈમાના ભજન - કિર્તન - આરતી મંગળવાર તા.૨૧-૧૧-૧૨ રાત્રે ૮ કલાકે...**

**પૂ. સચ્ચાઈમાની પહેડી બુધવાર તા.૨૮-૧૧-૧૨ સવારે ૯.૧૫ કલાકે...**

**પૂ.ભૂઈજીની ગંધી બદલવાનું બુધવાર તા.૨૮-૧૧-૧૨ સવારના ૯.૪૫ કલાકે ત્યારબાદ પહેડી પ્રસાદ રહેશે.**

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજરી આપવા સહકુટુંબ વારાપધર પધારવા ભાવિકોને ભાવભર્યું આમંત્રણ છે.

**કુળદેવી શ્રી સચ્ચાઈ મા ભાવિક મંડળ**

**C/o. શ્રી લઘુભાઈ અરજણ લોડાયા**

૨૮/૧૧૩, સરસ્વતી સદન, કેશવજી નાયક રોડ, મુંબઈ - 400009. ફોન 2377 1171

## હલો પાંજે સાંયરે ગામ

પર્યુષણ પર્વની ઊજવણી કરવા સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને હાર્દિક આમંત્રણ.

મુંબઈથી પ્રસ્થાન શનિવાર તા.૧૧-૮-૧૨ ટ્રેનથી

પુનઃ પ્રસ્થાન સાંયરાથી તા.૨૩-૮-૧૨ ગુરૂવારે ટ્રેનથી

પર્વ પ્રારંભઃ શ્રાવણ વદ ૧૩ મંગળવારે તા.૧૪-૮-૧૨

સવંત્સરી : ભાદરવા સુદ ૫ મંગળવાર તા.૨૧-૮-૧૨

સમુહ ક્ષમાપનાઃ ભાદરવા સુદ ૬ બુધવાર તા.૨૨-૮-૧૨

ચૈત્ય પરીપાટી : ભાદરવા સુદ ૭ ગુરૂવાર તા.૨૩-૮-૧૨

ટ્રેનની ટિકિટો પોતાની રીતે સમયસર કઢાવી લેવા વિનંતી. તા.૧૧-૮-૧૨ના ટ્રેનમાં ચૌવિહાર તથા નવકારશીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તા.૧૨-૮-૧૨ના ભુજથી વાહનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે, જે પણ ભાઈ-બહેનને આવવાની ઈચ્છા હોય તેમણે **તા.૩૦-૭-૧૨** સુધીમાં રૂ.૨૦૦/- ભરી નામ લખાવવા વિનંતી. સાંયરા ગામે ઉતારાની વ્યવસ્થા સામૂહિક રીતે કરવામાં આવશે.

**ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સાંયરા**

**નોંધ** : તા.૧૨ થી તા.૨૨-૮-૧૨ ભોજનની વ્યવસ્થા સંઘ તરફથી છે.

**સંપર્ક : વાલજીભાઈ ખોના - 098204 38784**

**રતિલાલ ધ્રોળ - 098208 65806**

## પ્રથમ પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ
તા.૧૫-૮-૧૯૫૫



અરિહંતશરણ
તા.૩૧-૭-૨૦૧૧

**અ.સૌ. કલ્પના મણીકાંત નાગડા** (લાલા-મીરારોડ/ભાઇંદર)

અશ્રુઓ સુકાઈ ગયા આંખમાં, શબ્દો અટવાઈ ગયા શ્વાસમાં,
મૃત્યુ અચાનક છીનવી ગયું તમને, પરંતુ નમીશુ સદા અમો
તમારી યાદમાં,
નજર સમક્ષ કાયમ રહ્યા હવે છબી જોવાની રહી,
ખુદ જ્યોતિ બની ગયા અમારે તો જ્યોત જોવાની રહી

પરિવારમાં પ્રેમનો પમરાટ પ્રસરાવનાર, વ્યવહારમાં સદ્‌ગુણોની સુરભિ ફેલાવનાર, ઈશાન, મન, સલોની, ધ્વનિ પર અતૂટ વ્હાલ વરસાવનાર ઇશ્વર આપના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

**આપના વિયોગમાં વ્યાકૂળ...**

પતિ : **મણીકાંત મુરજી નાગડા**

પુત્ર : **અભય અને વિભય** ● પુત્રવધુ : **પ્રણિતા અને નીરૂ**

માતુશ્રી : **નવલબાઈ મુરજી નાગડા સમસ્ત પરિવાર (લાલા-ખીરકીયા)**

**માતુશ્રી સ્વ. કસ્તુરબાઈ કલ્યાણજી ગોસર પરિવાર (ગોએરસમા-સેંઘવા)**

|| શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ || || શ્રી મહાકાલી માતાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ

Regd. Under Bombay Public Trust Act, 1950 Regn. No. E-13030 (Bom.)

**રજી. ઓફિસ :** પ્રતાપ પેલેસ, જવાહરલાલ નેહરૂ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૦.

**વહીવટી કાર્યાલય :** શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપૂંજ, કસ્તુરબા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૮૦.

## વાર્ષિક સામાન્ય સભા

સભાસદ ભાઈઓ / બહેનો,

મંડળની વાર્ષિક સામાન્ય સભા (Annual General Meeting) રવિવાર, તા. ૧૨-૦૮-૨૦૧૨ ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ, દેવપૂંજ, વાલજી લધાભાઈ રોડ, મુલુંડ (વેસ્ટ) મધ્યે યોજાશે. વાર્ષિક સામાન્ય સભામાં નીચે મુજબનું કાર્ય હાથ ધરવામાં આવશે.

### કાર્યસૂચી (Agenda)

૧. ગત તા. ૦૯-૧૦-૨૦૧૧ ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની (મિનીટ્સ) નોંધનું વાંચન અને બહાલી.

૨. મંડળની પ્રવૃત્તિઓના અહેવાલની રજુઆત અને બહાલી આપવી.

૩. મંડળના વર્ષ ૨૦૧૧-૨૦૧૨ ના અન્વેષિત (Audited Accounts ) હિસાબોના અન્વેષકશ્રીના અહેવાલ (Auditor's Report) નું વાંચન તથા મંજૂરી.

૪. વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ ના હિસાબો અન્વેષિત (AUDIT) કરવા અન્વેશકની (Auditor)ની નિમણુંક અને તેમનું મહેનતાણું (Fees) નકકી કરવા બાબત.

૫. બંધારણમાં પ્રસ્તાવીક સુધારા-વધારા રજૂ કરવા તથા મંજૂરી.

૬. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

### ખાસ નોંધ

૧. ઉપરોક્ત વાર્ષિક સામાન્ય સભા કાર્યસાધક હાજરી (Quorum) ના અભાવે મુલતવી રહેશે તો તેવી મુલતવી રહેલી સભા તેજ સ્થળે અને તેજ દિવસે અડધા કલાક બાદ એટલે કે સવારે ૧૧.૩૦ કલાકે ફરી મળશે અને તેજ કાર્યસૂચી મુજબનું કાર્ય હાથ ધરી શકશે અને તેમાં થયેલ કાર્યવાહી કાયદેસરની ગણાશે.

૨. હિસાબી વર્ષ ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષના અન્વેષિત હિસાબો (Audited Books of Accounts) ગુરુવાર તા. ૦૨-૦૮-૨૦૧૨ થી શનિવાર ૦૪-૦૮-૨૦૧૨ ના રાતના ૯.૩૦ થી ૧૦.૩૦ વચ્ચે મંડળના સભ્યોને જોવા માટે શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ, દેવપૂંજ, વાલજી લધાભાઈ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૮૦. ખાતે ખુલ્લા રાખવામાં આવશે. જે સભ્યોને હિસાબો બાબત કંઈ ખુલાસા જોઈતા હોય તેમણે ગુરૂવાર, તા. ૦૯-૦૮-૨૦૧૨ સુધીમાં લેખીત પત્ર લખીને જણાવવું. બંધારણનાં પ્રસ્તાવીક સુધારાવધારાની કોપી પણ ત્યારે રાખવામાં આવશે.

તા. ક. : તા. ૧૨-૦૬-૨૦૧૨ સુધીમાં મંડળના રોલ પત્રક રજીસ્ટરમાં નોંધાયેલ સભ્યો જ આ સભામાં ભાગ લઈ શકશે.

મુલુંડ – મુંબઈ
તા. ૧૦-૦૭-૨૦૧૨

એજ લી. ગુલાબ કલ્યાણજી મૈશેરી • હિતેશ લક્ષ્મીચંદ મૈશેરી
માનદ્ મંત્રીઓ

**રવિવાર, તા. ૦૯-૦૯-૨૦૧૨ના સામુદાયિક ક્ષમાપના સવારના ૯.૩૦ કલાકે**
**શ્રી જીવરાજ ભાણજી હોલ અશોકનગર, મુલુંડ (વે), મુંબઈ – ૮૦માં રાખેલ છે. મુલુંડમાં વસતા સર્વ જ્ઞાતિ જનોને ભાવભર્યું આમંત્રણ છે.**

## પિતૃ વંદના

*- પાયલ મહેન્દ્ર મોતા (નડીયાદ)*

"માં" ઘરનું માંગલ્ય હોય છે તો પિતા માંને અને સંતાનોને સદાય સુરક્ષિતતા બક્ષતું અપુણ્ય અસ્તિત્વ હોય છે.

મા પાસે અશ્રુઓની નદી હોય છે. પાગ પતિ પાસે સંયમની પર્વત હોય છે. મા રડીને છૂટી જાય છે. પણ હિંમત આપવાનું કામ પિતા જ કરે છે. રોજ ભોજન બનાવનારી મા આપણને યાદ રહે છે. પણ ભોજન બનાવવા માટે જોઈતી સામગ્રી લાવી અને અન્ય રીતે ભરણપોષણ કરતા પિતાને આપણે સહેલાઈથી ભુલી જઈએ છીએ.

ઈતિહાસ કહે છે કે જીજાબાઈએ શિવાજી રાજાને કેળવ્યા પણ શહાજી રાજાએ જે વેઠયું એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ.. દેવકી મા કે જશોદા માના વખાણ જરૂર કરવા પણ શ્રી કૃષ્ણને નદીમાં આવેલા પુર વચ્ચેથી માથા ઉપર લઈ જનારા વાસુદેવને પણ યાદ કરવા જોઈએ.. રામ ભગવાન કૌશલ્યામાતાના પુત્ર જરૂર કહેવાય પણ રાજાના વિરહમાં મરણ પામનારા પિતા દશરથ હતા..

જે ઘરમાં પિતા છે તે ઘર તરફ ખરાબ નજરે કોઈ જોતું નથી એ કદાચ કાંઈ ન કરતો હોય પણ ઘરના મોભી તરીકે કામ કરતો રહે છે. કોઈનો દીકરો થવું એ ટાળી શકાતું નથી.. પણ પિતા થવાનું ટાળી શકાય છે. છતાં એ પિતા ક્યારેય પોતાની પિતા તરીકેની ફરજ ચુકતો નથી. માનું મા તરીકે રહેવું અથવા મા બનીને રહેવું એ પિતાને લીધે જ શક્ય બને છે.

ક્યારે ઝટકો લાગે કે ઠેસ વાગે તો "માડી રે" એવા શબ્દો મોંમાથી નીકળે છે પણ રોડ ક્રોસ કરતી વખતે નજીકમાં જોરદાર બ્રેક મારતી ટ્રક ઉભી રહે છે. ત્યારે "બાપ રે બાપ" શબ્દ જ નીકળે છે. નાના સંકટમાં મા યાદ આવે છે. પણ મોટા ઝટકામાં તો પિતાજ યાદ આવે છે !

પિતાનું મહત્વ કોને સમજાય છે? નાનપણાં જેણે પિતા ગુમાવ્યા હોય તેને બધી જ જવાબદારી માથે આવી પડી હોય તેને, એક એક વસ્તુ માટે તરફડવું પડે તેને, પિતાને સાચી રીતે સમજી શકે છે એની દીકરી જ.

પરણીને સાસરે ગયેલી દીકરી જ્યારે પિતા સાથે ફોન પર વાત કરતી હોય ત્યારે પિતાનો બદલાયેલો અવાજ તેને તરતજ ઓળખાય છે. ત્યારે એ ઘણા સવાલ પુછતી હોય છે. કોઈ પણ દિકરી પોતાની ઈચ્છાઓ બાજુપર પર મુકી, પિતા કહે ત્યાં અને ત્યારે પરણવા તૈયાર થાય છે કારણ કે એને પિતા ઉપર પૂરો વિશ્વાસ હોય છે. એ પિતાને જાણે છે. એટલે જ હું વારંવાર કહું છું :

"My Father is the best father in the world."

## ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ
૧૧-૧૨-૧૯૩૬

વસમી વિદાય
તા.૨૬-૭-૨૦૧૨

### સ્વ. રાયચંદ જીવરાજ માલદે (દલતુંગી)

આજકાલ કરતાં તમારી શીતળ છત્રછાયા અને સ્નેહાળ સંગાથ ગુમાવ્યાને એક વર્ષ વીતી ગયું છતાંય જ્યાં સુધી મારી નજર પહોંચે છે છબી આપની સાક્ષાત દેખાય છે. આપની લાગણીસભર સ્મૃતિઓ પળ પળ યાદ આવે છે અને આંખો ભિંજાય છે. આપનો પ્રેમાળ શાંત્વના આપતો ચહેરો આંખોમાં સમાયેલો રહે છે. તમે આલ્યા ગયા મને એકલી મૂકીને, આ દુનિયા મારા માટે બિલકુલ નિરસ લાગે છે. આપનો દિવ્ય આત્મા શાશ્વત સુખમાં રહે એજ પ્રભુને પ્રાર્થના સહ નત મસ્તકે શ્રધ્ધાંજલિ....

**આપની અમર સ્મૃતિમાં...**

માતા-પિતા : **સ્વ. ગંગાબાઈ જીવરાજ નાંયાભાઈ માલદે**

પત્ની : **રતનબેન રાયચંદ માલદે** પુત્ર : **સ્વ. રાહુલભાઈ**

પુત્રી-જમાઈ : **સ્વ. કવિતા, સ્વ. ક્ષમાબેન, સ્વ. ટીનીબેન** અને **સૌ. કલ્પાબેન કીરીટકુમાર લોડાયા**

દોહીત્ર-દોહીત્રિ : **પરમ અને આકૃતિ**

સાસરા : **ગં.સ્વ. રાજબાઈ પદમશી દંડ પરિવાર**

**ધનલક્ષ્મી રમેશ દંડ ● બીના નવિન દંડ ● વિજયા શાંતિલાલ દંડ**

**એવમ સમસ્ત માલદે પરિવાર તથા**

**સમસ્ત દંડ પરિવારની ભાવભીની શ્રધ્ધાંજલિ.**

# Treat for All...

## ૧ Number Scope

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 7 | + | | + | | = | 16 |
| x | | x | | + | | |
| | + | | x | | = | 51 |
| - | | ÷ | | + | | |
| | + | | x | | = | 42 |
| = | | = | | = | | |
| 58 | | 16 | | 14 | | |

Use only 2, 3, 4, 5, 5, 6, 8, 9 Bring the final tally.

## ૨ Number Chain ૪

Use signs of +, -, x & ÷ and complete the chain.

| | | | | |
|---|---|---|---|---|
| 3 | | 4 | | 3 |
| | 6 | = | 3 | |
| 9 | | 2 | | 6 |

Start

| | | | | |
|---|---|---|---|---|
| 2 | | 8 | | 4 |
| | 3 | = | 8 | |
| 4 | | 2 | | 6 |

Start

## ૩ Number Scope

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 4 | x | | - | | = | 22 |
| x | | x | | + | | |
| | x | | x | | = | 90 |
| + | | x | | ÷ | | |
| | + | | x | | = | 34 |
| = | | = | | = | | |
| 44 | | 56 | | 15 | | |

Use only 2, 2, 4, 5, 6, 7, 8, 9 Bring the final tally.

## MATHEMAGIC :

### ૫ Fill in the Blanks to get the equation right ૬

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | + | 7 | + | | = | 21 |
| + | | x | | + | | |
| 9 | - | | - | | = | 6 |
| + | | + | | - | | |
| | x | | x | 5 | = | 60 |
| = | | = | | = | | |
| 18 | | 18 | | 4 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | - | | x | 2 | = | 14 |
| + | | + | | x | | |
| | x | 4 | - | | = | 14 |
| - | | + | | + | | |
| 6 | + | | | | = | 14 |
| = | | = | | = | | |
| 12 | | 17 | | 13 | | |

### Answer ૧

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 7 | + | 4 | + | 5 | = | 16 |
| x | | x | | + | | |
| 9 | + | 8 | x | 3 | = | 51 |
| - | | ÷ | | + | | |
| 5 | + | 2 | x | 6 | = | 42 |
| = | | = | | = | | |
| 58 | | 16 | | 14 | | |

### Answer ૨

| | | | | |
|---|---|---|---|---|
| 3 | x | 4 | + | 3 |
| ÷ | 6 | = | 3 | - |
| 9 | ÷ | 2 | x | 6 |

Start

### Answer ૩

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 4 | + | 7 | + | 6 | = | 22 |
| x | | x | | x | | |
| 9 | + | x | x | 5 | = | 90 |
| - | | x | | ÷ | | |
| 8 | + | 4 | x | 2 | = | 34 |
| = | | = | | = | | |
| 44 | | 56 | | 15 | | |

### Answer ૪

| | | | | |
|---|---|---|---|---|
| 2 | x | 8 | ÷ | 4 |
| - | 3 | = | 8 | + |
| 4 | + | 2 | ÷ | 6 |

Start

### ૫

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 6 | + | 7 | + | 8 | = | 21 |
| + | | x | | + | | |
| 9 | - | 2 | - | 1 | = | 6 |
| + | | + | | - | | |
| 3 | x | 4 | x | 5 | = | 60 |
| = | | = | | = | | |
| 18 | | 18 | | 4 | | |

### ૬

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 13 | - | 6 | x | 2 | = | 14 |
| + | | + | | x | | |
| 5 | x | 4 | - | 6 | = | 14 |
| - | | + | | + | | |
| 6 | + | 7 | + | 1 | = | 14 |
| = | | = | | = | | |
| 12 | | 17 | | 13 | | |


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

દાદર મુલુંડ પાર્લા

9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

શ્રી જયંત લક્ષ્મીચંદ લાપસીયા (રવા-માટુંગા)ની બૉમ્બે પોર્ટ ટ્રસ્ટમાં સતત ત્રીજીવાર ટ્રસ્ટીપદે નિમણુંક થવા બદલ હાર્દિક અભિનંદન.

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ




## TOYING WITH E-WASTE KUDOS ! : Dhairya Dand

**Yes, our own, Dhairya Gnanpal Dand has started international D-1-Y community that helps educationists and tinkerers build toys for underprivileged children from discarded hardware**

Dhairya has recently achieved one more milestone - a scholarship by President Obema of U.S.A. for higher studies in National Institute of Technology. One of the high ranking institute.



Dhairya Dand-an alumnus of Mumbai's Veermata Jijabai Technological Institute and former researcher at IIT Bombay - had his eureka moment while on a backpacking trip to Cambodia last year. It was in suburban Phnom Penh that he saw children, some barely seven, scavenging in an e-waste landfill to get a few grams of metal.

"Mountains of keyboards, mice, speakers and CRT screens stretched as far as my eye could see and the air was heavy with hazardous lead and asbestos," Dhairya recounts.

On investigating, he discovered that the children belonged to families that had migrated from villages. "They were not interested in school since most of the learning is rote-based, and hardly any practical skills are taught," he says. Instead, they chose to work to bolster their parents meagre earnings, even if it was an additional dollar a day."

Dhairya went back to Singapore, where he was a researcher at the Keio-NUS CUTE Center - an institute that focuses on digital innovations and media fusion - and began thinking about what he could do to help. "And then it hit me. E-waste can be recycled to create safe electronic playthings for children... That is exactly how ThinkerToys started."

After consulting with students, parents and teachers, the 23-year-old decided to make a set of gizmos that could double up as teaching aids. His experience at NUS CUTE and at IIT's Industrial Design Center came in handy during the process.

"While at IIT, I had worked with kids who had cerebral palsy, inventing gadgets and interfaces for them to communicate," he says. "At CUTE, my work revolved around how digital technology could be fused along with the physical world. This resulted in a device with which kids could carry their social networks and online identities into the playground."

After eighteen months of research and development, the 23-year-old emerged with four cheap-to-produce edutainment kit modules - Keyano, Randomath, Storynory and TV++ - that can be paired up with discarded e-waste like keyboards, mice, speakers, headphones and LCD screens.

"I realised that if e-waste had to go back to the factory to disassemble for reuse, it would prove to he costly," he says.

Dhairya has now uploaded all the code for his toys on https://github.com/dhairya (a resource that allows programmes to share code). His kits combine with discarded hardware by using a simple plug-and-play mechanism.

"You could go to any part of the world, pick up e-waste directly from the landfill, and plug it in and it should work without any modifications."

To design the prototypes, Dhairya used Arduino, an Italian circuit board that is popular with artists, musicians and the DIY community because it's easy to use. "I started out with Arduinos for the earlier versions of ThinkerToys to validate and test the idea. The new circuits cost less than Rs 100 to produce and are one-tenth the size without Arduino."

**E-WASTE ACTIVISM**

To Promote Thinkerztoys, Dhairya has also started open Toys (bit.ly/KZKfTx) - a Google community that boasts of more than 100 members, including designers, engineers, e-waste activists, NGOs and teachers from around the world.

"We live in a connected world, and distributed communities have never been so powerful," he says. "Already people from countries such as Brazil and Philippines, as well as cities such as London and New York have adopted ThinkerToys to develop gadgets and teach children at the local level," he says.

As of now, Dhairya is planning a batch of 200 toys. "I am thinking of having a kickstarter campaign for that. By the end of this year, I want to have enough funding to begin production of the toys and ship them to Cambodia," he says.

After that he intends to tie-up with China-based Seed Studio - an open hardware facilitation company that designs modular electronics for quick prototyping and small scale projects.

"But I'm also interested in collaborating with NGOs that work with children in municipal schools," he says. "My goal, although it sounds insane, is to convert all the e-waste on our planet into toys."

**"I wanted to make a fun musical instrument (Keyano); something that would make maths more like a game (RandoMath); something that would entertain and teach new facts and values (StoryNory); and something that would be a gaming console much like an Xbox with educational fun games (TV++)"**

RANDOMATH is a math puzzle game made up of a small LED screen and keyboard. The screen is a calculator's LCD which displays addition, subtraction, division, multiplication puzzles that can be answered using the keyboard. The microcontroller inside is programmed to ask random questions, to keep a score, to display encouraging factoids and messages in between. Production cost: Rs.95

STORYNORY allows children to listen to prerecorded audiobooks using an old pair of headphones or some working speakers. Each of the stories is read out in the local language to the user. StoryNory has a head-phone jack and an onboard controller with a small memochip that holds the stories. While the initial stories are open-source stories from StoryNory.com, more stories can be recorded in any language and played back. Production cost: A little over Rs. 350.

KEYAND turns an ordinary computer keyboard into a piano with the QWERTY keys musically mapped to notes. Just about any keyboard, whatever make, however old, can be connected to it The Keyano circuit is made of three parts, the interface which connects to the keyboard, the microcontroller which contains the key-note mapping and the speaker which outputs the notes. All these components are small enough to fit in a closed palm. Production cost: Rs.80

TV++ is a visual game made from an old TV screen or CRT monitor. The educational games displayed on the screen can be controlled by a good old-fashioned wired mouse and keyboard. TV++ connects to a CRT monitor or an old TV where it displays the game, two mice are connected to TV++ which act as controllers. The chip contains a TV driver and microcontroller. Production cost: A little over Rs.250.

યુગાદીનાથાય નમઃ | નમોનમઃ શ્રી ગુરૂગુણસાગરસૂરયે | મહાકાલીકાયૈ નમઃ

શ્રી અ.ભા.અચલગચ્છ (વિધીપક્ષ) શ્વે.જૈન સંઘ તથા

શાસનસમ્રાટ રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા જન્મશતાબ્દિ મહોત્સવ સમિતિ આયોજીત

# સૂરિગુણ જન્મશતાબ્દિ નવધન સ્પે.ટ્રેન...

મુંબઈ થી પ્રસ્થાન
**કા.વ.૪**
**તા.૨-૧૨-૧૨**
**રવિવાર**
સાંજના શુભસમયે

| હસ્તીનાપુર યાત્રા | શત્રુંજય તીર્થયાત્રા | ૭૨ જિનાલય તીર્થયાત્રા |
|---|---|---|
| તા.૪-૧૨-૧૨, મંગળવાર | તા.૬-૧૨-૧૨, ગુરૂવાર | ૮-૧૨-૧૨, શનિવાર |

મુંબઈ આગમન
**કા.વ.૧૧**
**તા.૯-૧૨-૨૦૧૨**
**રવિવાર**
રવિવાર બપોરના




રાષ્ટ્રસંત, ભારત દિવાકર, શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ
**પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

*શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ રાષ્ટ્રસંત પ.પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાના જન્મશતાબ્દિ વર્ષના પાવનીય અને અણમોલ અવસરે પૂજ્યોની પ્રેરણા અને જન્મશતાબ્દિ મહોત્સવ સમિતિના આયોજન દ્વારા કચ્છ-ગચ્છના લગભગ ૧૫૦૦ જેટલા ભાગ્યશાળીઓ મહાનતપ માં જોડાઈ પૂ.ગુરૂદેવ પ્રત્યેની શ્રધ્ધા ને મજબૂત કરી ગચ્છની ગરિમાને ચાર ચાંદ લગાવેલ છે. વરસીતપની આરાધના દ્વારા તપ-ધર્મનો જયજયકાર કરતા ચતુર્વિધ સંઘ ની અનુમોદના સહ સુખશાતા પૂછીએ છીએ.*

## વરસીતપના આરાધકોને તીર્થયાત્રા કરાવવાનો લાભ લીધો સવાયો

*સ્પે.ટ્રેનોના આયોજન તો ઘણા થતા હોય છે. તીર્થયાત્રા કે ગામના પ્રસંગો માટે સ્પે.ટ્રેનો જતી હોય છે. પણ આ સ્પે.ટ્રેન જૈન સમાજ ના સુવર્ણ ઈતિહાસમાં આલેખાશે કેમ કે આ સ્પે.ટ્રેન એટલે વરસીતપના આરાધકોની ગુરૂગુણ જન્મશતાબ્દિ નિમિતે તપની આરાધના કરનાર તપસ્વીઓને*

*મહાન તીર્થો ની સ્પે. ટ્રેન દ્વારા યાત્રા કરાવાનો અમૂલ્ય લાભ.*

## એન. ડી. ડેવલપર્સ (નવધન)
## હ.શ્રી નવીનભાઈ ઉમરશી લધાભાઈ ગંગર (નાગલપુર)
## શ્રી ધનજીભાઈ ગેલાભાઈ ગાલા - ધનાશા (લાકડીયા)

**પરિવારે લીધેલ છે. લાભાર્થી પરિવારની અંતરભીની અનુમોદના**

**યાત્રાનો વિગતવાર કાર્યક્રમ પત્રિકા દ્વારા જાહેર કરવામાં આવશે.**

**વિશેષ નોંધ : વરસીતપના આરાધકોએ યાત્રાના કાર્યક્રમને અનુલક્ષીને આપના કાર્યક્રમો બનાવવા વિનંતી.**

વિશેષ સંપર્ક : રામજી સામજી ધરોડ : 9323191050 • પ્રિતેશ ઠાકરશી દેઢીયા : 8879633788 • કુમાર બાબુભાઈ દંડ : 9819461414
ઓફીસ સંપર્ક : હેમચંદભાઈ છેડા : 8879633789 • કાંતિભાઈ ગડા : 8879633790

**લિ.ગુરુગુણ જન્મશતાબ્દિ મહોત્સવ સમિતી વતી**

શ્રી રવિલાલ ઠાકરશી સંગોઈ • શ્રી નવિન ઉમરશી ગંગર • શ્રી નયન અશોક ભેદા
શ્રી મોરારજી નાનજી છેડા • શ્રી રસીક નાનજી શાહ • શ્રી બકુલ ઉમરશી ગંગર
શ્રી વિરાટ સેવંતીલાલ શાહ • શ્રી પિયુષ વસનજી સાવલા • શ્રી દીપક મુલચંદ ગોસર

**સ્પે.ટ્રેનની સંપૂર્ણ વ્યવસ્થા ચેતન મોતા (TMT) દ્વારા નિઃસ્વાર્થ ભાવે કરવામાં આવશે.**

NEEL PARI - 93222 99742




## અનુમોદનીય સેવા કામ

હૈદરાબાદ જ્ઞાતિના લગભગ ૧૭૩ પરિવાર વસે છે. સર્વે કુટૂંબીજનો સનેહ અને પ્રેમ ભાવથી એક બીજાના કાર્યક્રમમાં સાથ સહકાર અને ઉમંગથી ભાગ લઈ સફળ બનાવે છે.

વિશેષમાં કાર્યકર શ્રી લહેરચંદભાઈ ટોકરશી લોડાયા શ્રી કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદના કાર્યકરણીના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે અને જ્ઞાતિના મંડળમાં પણ સક્રિય છે. હાલમાં શ્રી કચ્છી મિત્ર મંડળ-હૈદરાબાદના ઉપક્રમે વસ્તીપત્રક પ્રકાશિત કરવામાં આવ્યું. એમાં સમસ્ત કચ્છીઓના ૭૬૦ ઘર છે એમની માહિતી મેળવવા શ્રી લહેરચંદભાઈ લોડાયાએ સહ સંચાલકપદે અમુલ્ય યોગદાન આપેલ તે બહુજ સરાહનીય છે અને તેઓ નિસ્વાર્થભાવે જ્ઞાતિ-સમાજના કાર્યોમાં જહેમત લે છે. આ ઉપરાંત પાઠ, પહેડી કે કોઈ પણ સામાજિક કામમાં તન મન અને ધનથી સેવા આપે છે. આવા કાર્યકરો જ્ઞાતિ માટે ગૌરવરૂપ છે. અભિનંદન અને અનુમોદના.

*હૈદરાબાદ ૫-૭-૧૨* — *માણેકજી ઘેલાભાઈ લોડાયા*

## સુ-મતિ ગ્રુપ-મુલુન્ડની પ્રશસ્ય સેવાપ્રવૃત્તિ

મારા સાસુજી અરિહંતશરણ થયા. સુ-મતિ ગ્રુપના કાર્યકરને એક ફોન કર્યો અને સ્મશાનયાત્રાની સર્વે કાર્યવાહીમાં અથથી ઇતિ સુધી સુમતિ-ગ્રુપના કાર્યકરો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી, સેવામય બન્યા. દુઃખી પરિવારજનોને મદદરૂપ થયા અને દરેક કાર્યવાહી ઘરના સભ્યોની રજા લઈને કરી. ખરેખર આ અનુમોદનીય સેવા કાર્ય છે. ગ્રુપના કાર્યકરોને બિરદાવીએ છીએ અને આભાર માનીએ છીએ.

આપણાં કચ્છી જૈન સમાજમાં સેવાની ભાવના વણાયેલી જ છે, તે ભાવનાસર્વત્ર જાગૃત થાય અને જ્યાં જ્યાં એક કચ્છી વસે ત્યાં મુંબઈના બધાય પરાંઓમાં આવી ઉમદા સેવા ખીલે અને મુશ્કેલીમાં મુકાયેલા માનવીની પડખે ઉભા રહેવાની આ સેવા પ્રવૃત્તિની ભાવના કેળવે.

*મુલુન્ડ ૭-૭-૧૨* — *કુલીનકાંત ચાંપશી લુઠીયા*

## પ્રાર્થનાસભા અંગે જોઈતા ફેરફારો સુચનો આવકાર્ય

પ્રાર્થનાસભાનું આયોજન મોંઘું થયું છે. મોંઘા હોલનાં ભાડાં, વાજીંત્રો, ગાયકવૃન્દ વિગેરેના મોટા ખર્ચ સામાન્ય પ્રજાની કપરી મુઝંવણમાં વધારો કરે છે. સમયના અભાવે સંબંધીઓને આવવું-જવું પ્રવાસ વધુ ખર્ચાળ અને મુશ્કેલ બન્યા છે. આ પરિસ્થિતિમાં પ્રાર્થનાસભા અંગે સમયાનુસાર જોઈતા ફેરફારો બદલ વિચારો રજૂ કરવા સૌને વિનંતી છે.

*મુલુન્ડ ૮-૭-૧૨* — *કુલીનકાંત ચાંપશી લુઠીયા*

## કાવ્ય : મા ક્યારેય થાકતી નથી

ભગવાને આપેલું અમૂલ્ય વરદાન
માતૃત્વ તેની સંવેદના અનુભવી રહી છું
ઉનકા, ઉલટી, દરેક દુઃખ પીડા ભૂલી
ગર્ભમાંના બાળને વહાલ કરી રહી છું...
ખરેખર મા ક્યારેય થાકતી નથી...
પ્રસૂતિની પીડાદાયક વેદના સાથે નાનકડા શિશુની આગમનની
પ્રતિક્ષા આશાભરી આંખે કરી રહી છું
ખરેખર! મા ક્યારેય થાકતી નથી...
મા બની, મારા જીગરના ટુકડા માટે કેટલીય રાતોના ઉજાગરા,
લોરી ગાઇ મીઠા બનાવ્યા, ઢગલો કપડા રાતો જાગી ધોયા,
સવારે પાછી રસોઈમાં જોડાઈ
ખરેખર મા ક્યારેય થાકતી નથી...
તેની દરેક માંદગી, પીડામાં આંસુ સાર્યા, તેનું ખિલખિલાટ હસવું,
રમવું દરેક પણ મામી, તેની દરેક સંવેદના અને
ભાવનાઓમાં પોતાનું અસ્તિત્વ જોડયું.
ખરેખરા મા ક્યારેય થાકતી નથી...
મોટા થતાં જ પાખો પસારી ખુલ્લા આકાશમાં એકલપંડે
ઉડવા લાગ્યા, આવતાં જતાં "હાય-હલ્લો કહી પ્રેમ પ્રદર્શિત કરતાં,
મારા મનની ઇચ્છા, આકાંક્ષાઓ સાથે રમત કરતા ગયા.
ખરેખર ! મા ક્યારેય થાકતી નથી...
એક દિવસ મારો પ્રેમ, લાગણી, લાડકપન, ભાવનાઓને
મારી "બાળઉછેરની ફરજ" કદી "અપમાનિત" કરી ત્યારે
પહેલીવાર મેં પ્રસૂતિની વેદના અનુભવી
આજે મા થાકી ગઈ, તૂટી ગઈ.
તેના લાગણીના તાર પીંખાઈ ગયાં
ખરેખર ! મા થાકી ગઈ...

— *ડિમ્પલ જયાંક કોઠારી* (નવી મુંબઈ)

શુભેચ્છા સહ...
**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**
**UKKHIMJI & CO.**
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

# પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલી

જન્મ
૨૮-૧૧-૧૯૮૨



અરિહંત શરણ
૧૫-૭-૨૦૧૧

**સ્વ. અતુલ લીલાધર હંસરાજ ખોના (સુથરી)**

પૂતર તોકે કી ભુલો, અતુલ અસીં પલવાર,
મિઠડા તોજી જાધ મેં અખીયુ રૂવે તીયું ચૌધાર.

જાધ અંચેતી પૂતર તોજી ને રે રોજ તિથી ને વાર,
ધ્રુસકે અંધર ધેલ રૂવેતા, મન ખણે પેઆ કુધરત વટ પાર.

ડી ઓગે ને રાત થીચેતી ફિરી થીચે સવાર,
નેરીયું છબી ત ખેલે વેઠો તું પ નેંચે સામે ભલીવાર.

પૂતર તોજો કાનુડો(ક્રીસ) પોછેતો 'અધા' મુંજો
પપા અચિંધો તેં કે આચ કેટલી વાર, રૂઈ કરે
ને જવાબ ડિનું મું ગેનણ તોલા વ્યો રાંધીકડા અચીંધો રઈ લેખવાર.

'ચંદન' ચેતી પૂનમ જે ડિ, મુજે જીયણ મે ઓમાસ જેડો થેચો કી અંધકાર
હોય નિંઢો ને કરે વે પંધ વડો છડે તોજો હી ખિલધો પરીવાર

'લીલાધર' ચેં કોધરત કે હાણે જીયણ રૂચો મુજો ડીં ચાર,

પ તેમેં મુજે કાનુડે લા આચો કીં વાવાઝોડે ભેરો ડોંકાર.

પૂતર મુજો મિઠડો વેં તુ હોય અસાંજો આધાર,

છડે અંસાકે કીં હલે વે મેણા થેચા અજ બાર.

અચે નતો વિશ્વાસ કે તું નેચેં અસાંવટ
તોલા ત રહયા અસાંવટે હાણે શ્રધ્ધાંજલી જા સત્કાર.

હોય ભલે જિતે પણ તોજી આત્મા કર્યું અસીં એડી પ્રાર્થના

તો કે શાંતિ ડે હી વડોં કીરતાર

અખીયું રૂવે ત્યું ચૌધાર અખીયું રૂવે ત્યું ચૌધાર,
''લીલો'' ચેતો પૂતર તોકે કી ભુલો અસીં પલવાર.

## -: શ્રધ્ધા સુમન અર્પણ :-

**અ.સૌ. ચંદનબેન લીલાધર ખોના પરીવાર** (ગામ સુથરી, હાલે અંતરજાળ, આદીપુર)
**અ.સૌ. નીલમબેન સોમચંદ દેવજી મૈંશેરી પરીવાર** (ગામ નાની સીંધોડી)
**અ.સૌ. અલ્પા વિરેનભાઈ ગોવિંદજી નાગડા પરીવાર** (ગામ રાપર હાલે ડોંમ્બીવલી)

## ગ્રંથ પરિચય : જૈન યોગ વિશે સર્વગ્રાહી દિવ્યતાપૂર્ણ ગ્રંથ
## ડો. રશ્મિ ભેદાની પી.એચ.ડી. થીસીસ "અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની... - *ચંદ્રસેન મોમાયા*

"અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની" લેખિકા ડો. રશ્મિ ભેદા પ્રકાશક શ્રી મુંબઈ જૈન યુવકસંઘ, ૩૩, મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪ ફોન ૨૩૮૨૦૨૯૬ અન્ય પ્રાપ્તિસ્થાન : C/o. ભેદા બ્રધર્સ, ૨૦૨ કાપડિયા એપાર્ટમેન્ટ, ૩૯, એસ.પી.રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬ ફોન ૨૬૧૯૨૩૨૬,૨૭ મો. ૦૯૮૬૭૧૮૬૪૪૦.

ડૉ. રશ્મિ ભેદાનું પુસ્તક "અમૃત યોગનું પ્રાપ્તિ મોક્ષ"ની મુળે એમની પી.એચ.ડી.ની થીસીસ જ છે. પી.એચ.ડી. માટેની થીસીસ હોઈ તેની રજૂઆત વિદ્વતાપૂર્ણ હોવા સાથે સર્વગ્રાહી છે.

લેખિકાએ પોતાના વિષયવસ્તુને ન્યાય આપવા સંપૂર્ણ જૈન સાહિત્યનું વિહંગાવલોકન કરી જૈન યોગ વિશે વિશિષ્ટ સમજ ધરાવનારી વિભૂતિઓએ શું વિચાર્યું, કહ્યું છે તે અહીં ગાગરમાં સાગરરૂપે આપે છે.

જૈન યોગ અંગેનું વિહંગાવલોકન કર્યા બાદ ડો. રશ્મિ ભેદાએ બાંધેલા જૈન યોગની વ્યાખ્યા તેમની વિદ્વતાનો પરિચય આપે છે. તેમને મતે શુધ્ધ આત્મદશાને પ્રાપ્ત કરવાની સ્થિતિમાં જોડનાર માર્ગને યોગ કહેવામાં આવે છે.

અહીં યોગ વિશેની આપમી સાદી સમજના સંદર્ભમાં આખી વાતને સમજવી જરૂરી છે. સામાન્ય સમજ પ્રમાણે યોગને આપણે હઠયોગ અને રાજયોગ એમ બે વિભાગમાં વહેંચીએ છીએ. હઠયોગનો મુખ્ય વિષય શરીર છે, જે તેને શુધ્ધ અને સજજ કરવા પર ભાર મૂકે છે તેમ રાજયોગનો મુખ્ય વિકાસ આત્માની શુધ્ધિ અને સજજતા છે. આ સમજ પ્રમાણે જોઈએ તો જૈન યોગ એ રાજયોગનો પણ રાજમાર્ગ છે એમ કહેવામાં અતિશોક્તિ નથી.

મુળે પી.એચ.ડી.ની થીસીસ હોઈ પુસ્તક ૮ પ્રકરણ અને ઉપસંહાર એમ વહેંચાયેલું છે.

પ્રથમ પ્રકરણમાં ભારતીય સંસ્કૃતિના સંદર્ભે શ્રમણ સંસ્કૃતિ - જૈન સંસ્કૃતિની છણાવટ કરી લેખક જૈન સંસ્કૃતિમાં યોગની મહતા દર્શાવે છે.

બીજા પ્રકરણમાં જૈન યોગ વિશેનું ઐતિહાસિક વિહંગાવલોકન કરેલ છે. ત્રીજા પ્રકરણમાં કુંદકુંદ દેવની કૃતિઓમાં જૈન યોગ વિશે શું નિરૂપણ છે તેની સમજ આપી છે.

"આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજીનું પ્રદાનમાં તેમના પુસ્તકો "યોગ બિંદુ", "યોગશતક" "યોગવંશિકા" "યોગ દષ્ટિ સમુચ્ચય"માં નિરૂપાયેલ જૈન યોગની સમજની છણાવટ કરી છે.

પાંચમા પ્રકરણ "યોગ દષ્ટિ સમુચ્ચય"માં વર્ણવેલ જૈન યોગ પૂ. હરિભદ્રસૂરીશ્વરજીના એ પુસ્તકને પતંજલીના "પાતંજલ યોગદર્શન"ની જેમ જૈન યોગના પ્રમાણભૂત પાઠ્યપુસ્તક તરીકે સ્થાપે છે.

છઠ્ઠા પ્રકરણમાં હિંદુ યોગ હઠયોગ અને રાજયોગ બન્નેના વિપુલ સાહિત્યને ધ્યાનમાં રાખી કલિકાળ સર્વજ્ઞ શ્રી હેચંદ્રાચાર્ય રચિત યોગશાસ્ત્ર અને દિગંબર આચાર્ય શુભચંદ્ર રચિત જ્ઞાનાવર્ણીયની વાત છે.

આ બન્ને પુસ્તકોનાં લેખકના અભિગમમાં ફેર છે. હેમચંદ્રાચાર્યે ગૃહસ્થોપણ યોગમાર્ગે આત્મ ઉન્નતિ કરી શકે છે. તેમ માને છે જ્યારે આચાર્ય શુભચંદ્ર યોગ સાધના માટે ગૃહસ્થાશ્રમ છોડવાની અપેક્ષા રાખે છે.

સાતમા પ્રકરણમાં છેલ્લા બસો વર્ષમાં થઈ ગયેલા મહાયોગી આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી, યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુધ્ધિસાગરસૂરિજી, શ્રીમદ રાજચંદ, આચાર્ય શ્રી મહાપુરી પ્રેરિત પ્રેક્ષાધ્યાનની વાત કરવામાં આવી છે.

આઠમા ભાગમાં "જૈન યોગ અને પતંજલિ યોગ"નો તુલનાત્મક અભ્યાસ છે.

૯મા પ્રકરણ ઉપસંહારમાં સ્વાભાવિક રીતે બધા પ્રકરણોનો સાર આપેલ છે.

એકંદરે આ પુસ્તક વિદ્વાનો માટેનું વિદ્વતાપૂર્ણ પુસ્તક બની રહે છે જે જૈન યોગ વિશે સર્વગ્રાહી માહિતી આપે છે.

જૈન ધર્મની પાયાની સમજણ તથા આત્માના ક્રમિક વિકાસની અવસ્થાઓ વિશે આખાય જૈન સાહિત્યનો સાર મળી જતો હોવાથી જેમને એ વસ્તુ જાણવી હોય તેને માટે આ પુસ્તક ગાગરમાં સાગર જેવું લાગશે. ખાસ કરીને વિહાર કરતા કરતા અભ્યાસ કરતા સાધુ-સાધ્વીઓને બહુ ઉપયોગી થશે.

અલબત, પ્રકાશન કરતી વખતે પી.એચ.ડી. માટે આવશ્યક દરેક વાતની સંદર્ભસૂચિ વગેરેને બદલે એકજ સંદર્ભસૂચિ હોત તો પુસ્તક વધુ સુવાચ્ય અને ઉપયોગી થાત.

ડો. રશ્મિ ભેદાએ શુધ્ધ આત્મદશાને પ્રાપ્ત કરવાની સ્થિતિમાં જોડનારા માર્ગને **યોગ** કહેવામાં આવે છે. એવી સફળ વ્યાખ્યા પણ આપી છે એટલે અપેક્ષા રહે કે તેઓ આટલી સરળ રીતે જૈન યોગની પાયાની સમજણ આપતી વધુમાં વધુ ૬૪ પાનાની પુસ્તિકા પોતાના આ પુસ્તકમાંની સામગ્રીમાંથી જ તારવી આપે. જો તેઓ એમ કરશે તો તેમનું જૈન યોગ વિશેનું જ્ઞાન ખરેખર વિદ્વાનો ઉપરાંત શ્રાવક શ્રાવિકાઓને પણ ઉપયોગી થશે.

### કાવ્ય-પ્રકાશ : પ્રકાશ કી કિરણ સેં રંગોલી ભરે

ભગવાન કે દર્શન કરને કે લીયે ભક્ત લંબી લાઈન લગાતે હૈં
સાંઈબાબા, તિરૂપતી ઔર વિનાયક કે મંદિરમેં શ્રધ્ધા સે જાતે હૈં
કઈ લોગ માનતા પુરી હોનેપર સોના ચાંદી ઔર હીરે કે મુગટ પહનાતે હૈં
ભગવાન કો ફુલો સેં સજાકર. છપ્પન પ્રકાર કે ભોગ લગાતે હૈં
લગે ભોગ છપ્પન પકવાનકા એકભી દાના ભગવાન નહિ ખાતે હૈં
તો યે ભોગ અંધ શ્રધ્ધાસેં ભગવાન કો ક્યોં લગાતે હૈં
ભગવાન કો ભોગ લગાને કા કૌનસા કીતાબ મેં લીખા હૈ કાયદા
સર્ફ દિખાવે કે લીયે ભોગ ચઢાને સે ઇન્સાનકો ક્યા ફાયદા?
નરસીહ મહેતા મીરાબાઈ ઔર સુદામાને કૌનસા ભગવાન કો ભોગ લગાયા થા
લેકીન સૉવરિયા ને ઉનકી ઇચ્છા પુરી કરકે ઉન્હે શ્રધ્ધાસેં ગલે લગાયા થા
આજ કીતને હિ મંદિરો કે ભંડારો મેં કરોડો કી દૌલત પડી હૈ
ભગવાન ઉને દેખતે ભી નહિ ક્યોંકી ભગવાન કો શ્રધ્ધા હાલત પડી હૈ
જો ઇન્સાન સચ્ચી શ્રધ્ધા ઔર વિશ્વાસસેં ઉનકી પુજા કરતા હૈં
તો ભગવાનભી બીન માગે ઉનકી ઝોલી પ્રેમ સે ભરતા હૈ
તો ક્યોં નહિ હમ શ્રધ્ધા વિશ્વાસ કે સાથ બીન માંગે અપની ઝોલી ભરેં
ઔર અંધકાર કો દુરકરકે પ્રકાશ કી કીરણ સે શ્રધ્ધા કી રંગોલી ભરેં

– ***ચીમનલાલ ડી. મોમાયા*** (સેંઘવા)

### કાવ્ય-પ્રકાશ : મતદાર જી વ્યથા

ઉમેદવાર આવો ઘરવાજે મેં મંગેલા મત જી ભીખ,
વડા સોનેરી સપના બનાયને, ડેને વડી શીખ,
ચુંટ્યો મુંકે ત આઉં દૂર કઇંધો આંજી તકલીફ
આંજી સેવા કરેલા, આઉં કડે ન ચીંધો ચલીત
ચુંટાઈ અચીને ભુલી વ્યો પેંઢજે મતદારેં કે
સેવા છડી મેવા ખાઈ, ભોલી વ્યો ઓની વચનેં કે
ખેલી ખેલી પંજ વરે કઢે, ફરાઈને મતદારેં કે
માફ ન કઇંધો મતદાર કડે, એડે ઉમેદવારેં કે !

– *શાહ મધુકાન્ત વિશનજી* (ઘાટકોપર)


K. Dixit
રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.
કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ
982045 7676
417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E),
Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in



## હાર્દિક અભિનંદન..... શુભેચ્છા !



**ચિ. જીત કાંતિ શાહ**
(B.E. Chem.)
(દલતુંગી-દાદર)
S.P. Jain Institute of Management studies માંથી PGDM મેળવેલ છે અને CASTROL INDIA LTD. માં જોડાયા છે.





**કુ. નિકિતા અશ્વિન દંડ**
(B.Sc., Bio Chemistry)
(દલતુંગી-વડાલા)
N.L. Dalmia Institute of Management Studies માંથી PGDBM મેળવેલ છે અને CITI BANK માં જોડાયા છે.

**-: શુભ આશિષ :-**

**માતુશ્રી નવલબાઈ વિશનજી હીરજી દંડ પરિવાર**

**વિજ્યાબેન વેરશી માયા મોતા પરિવાર** ● **આશાબેન મણિકાંત પદમશી મોતા (કોચીન)**
**ભાવના તથા કાંતિ વિશનજી દંડ** ● **મોના તથા અશ્વિન વિશનજી દંડ**

।। જય જય શ્રી અનંતનાથ ।।

# સૌની શુભ ભાવનાથી યતિશ્રીના ઘુંટણનું ઓપરેશન સફળ થયું.

**અનુમોદના... ક્ષમાપના... આભાર.... શુભેચ્છા.... આશિર્વાદ....**

આવો, ગુરૂપૂર્ણિમાનું મહાપર્વ પૂર્ણ શ્રધ્ધા, નિષ્ઠા, અનન્ય ભક્તિમાં રહી ધન્ય ધન્ય બનીએ...

સંકટ હરે, સુખ પુરે, શ્રી મહાકાલી દેવીમાં...

જીવન કોઈપણ ક્ષેત્રમાં વાવેલું સુકૃત્ય વિશેષ મુલ્યવાન એ માટે છે. તેમાં પરમાર્થની ઝંખના છે.

ભાગ્યશાળી ભાવિકો ગુરૂભક્તો, બધા સમાજના ગુરૂપ્રેમીઓ, અનંતનાથ દાદાની ગુરૂ ગાદીપર **૨૨-૫-૮૩**થી રહી દાદા, મા અને શ્રીપૂજ ગાદીની અસીમ કૃપાથી અનેકના પથદર્શકથી તેની ગરિમા માની કૃપાથી રહી. સાધુ ચલતા ભલા, બધા સ્થાનો દેશ-પરદેશમાં પરિભ્રમણ, શરીર તેનો ભાગ ભજવે, સતત બેઠકથી ઘુંટણના દુખાવાની અસર થઈ. છેલ્લે ૭ થી ૮ વરસ મુલુન્ડ, ભાંડુપ, ઘાટકોપર, સાંગલી, વડોદરા, અમદાવાદ, કચ્છ વગેરે સ્થળે સારવાર, દવા, ગોળીથી રાહત પણ દરરોજ ૧૪ થી ૧૮ ગોળી લેવી પડે. બધાનો એકજ સૂર પાવાગઢ થકી વડોદરા આવવાનું થાય. **મામા પરિવાર**ના જાણીતા સર્જન ડો. હેમંત માથુર કહે ગુરૂદેવ આપની ભક્તોને જરૂરત છે. બેસ્ટ ઉપાય ઓપરેશન છે. છેવટ ૨ મહિના પછી કચ્છી નવું વરસ, યોગાનુંયોગ ઓપરેશન ૨૨-૬-૧૨ શુક્રવાર વિનસ હોસ્પીટલ, વડોદરામાં થયું. પ્રકાશ સમીક્ષાથી જાણ થતાં જાપ અને અન્ય બાધા વિ. થી અમને ખૂબજ સુક્ષમ બળ મળેલ. ઓપરેશન ઘુંટણ જોઈન્ટ રિપ્લેસમેન્ટની સારવાર ઓપરેશન થીયેટર, હોસ્પીટલ રૂમ ચાર્જ, દવા આ બધાનો લાભ **શ્રી હર્ષવર્ધને** લઈ સુકૃતનું લાભ લીધેલ. સફળતા માટે દાદાની કૃપા સહાયરૂપ છે.

આભાર, વંદના.. તપસ્વીરત્ન ગચ્છાધિપતિ જે ઓપરેશનથી થોડા સમય પહેલા આશિર્વાદ શુભેચ્છા આપી યોગાનુયોગ યતિ દિક્ષા સમયના પ્રમુખ પણ તેજ સમયે શુભેચ્છા ફોનથી પાઠવી. બસ તે બાદ હોસ્પીટલમાં આપ બધા માંથી ઘણાંના ફોન રૂબરૂ આવ્યા.. આજ લગી હુંફ, હમદર્દી, બતાવી. જ્ઞાતિજનોની ઘણાં ચાહકોની ભલી ભાવના માટે આભાર-શુભેચ્છા.

"હીરા મુખસે ના કહે લાખ હમારા મોલ" એવા વડોદરામાં ડોર ટુ ડોરના વિશાળ ધંધામાં રહી શાંત સ્વભાવી **શ્રી ભાવેશ લોડાયા**ની સેવાને સલામ. દીકરાથી બાપ સવાયા એવા મામાના હુલામણા નામથી વડોદરામાં જાણીતા જલગામના **શ્રી લખમીચંદ મુલજી** ઉંચા ગજાના કાર્યકર્તા જે પરિવાર ત્રણ પેઢીથી યતિશ્રી સાથે ગુરૂ, ગચ્છ અને ગાદીની ખુમારી ધરાવે છે. **૨૨-૬-૮૩** મુંબઈમાં આપેલા વક્તવ્યમાં જેમની આગવી છાપ છે. આજે સંતોષ છે. ગુરૂ ને પુરા આદરભાવથી સંભાળ રાખનાર પરિવાર છે. ધન્ય તેમની ગુરૂભક્તિને **મામા ખીરેન્દ્ર** વડોદરામાં શંખેશ્વર રોડલાઈન્સ ધંધો ચલાવે છે. તા.૨૧ થી ૨૮ જૂન સતત આખો દિવસ હોસ્પીટલ, ૧ કલાક ઘરે જેમાં ગુરૂદેવની ગોચરી સુવિધા **ખીરેન્દ્ર મામા, શાંતિલાલ લોડાયા, દિનેશ ધરમશી**, સમયસર ૪ વખત ટીફીન આપી જાય. પોતે પણ ત્યાંજ વાપરે. રાત્રે પુરી સંભાળ. ૮ દિવસ ભાવેશે સંભાળેલ મામાને જણાવેલ જે હવે ૨-૪ દિવસ બાદ બીજી કોઈ તકલીફ નથી. આટલા વાર્ડબોય, નર્સો અને ઘંટી સાથે તરત હાજર થઈ કામ કરી જાય છે. તમો ઓફિસ યા ઘરે આરામ કરો. આવો મામાનો જવાબ. સાહેબ અમારા કોઈ નસીબ પુણ્ય હશે જે ગુરૂભક્તિનો અવસર મળ્યો છે. આ લાભ કેમ ગુમાવીએ? ધન્ય ગુરૂભક્તિ વારસાગત ગાદીપ્રેમની સુવાસ જાળવી છે. હોસ્પીટલમાં મસ્જીદ માટુંગા, મુલુન્ડ, ડોમ્બીવલી, દાવણગીરી, અમલનેર, મલકાપુર, સુરત, અમદાવાદ, કચ્છ અને વડોદરાના અગ્રણીઓ, જ્ઞાતિજનો સતત ફોન આવતા રહેતા આપ સૌને ખૂબ આશિર્વાદ. વડોદરા સમાજની અવરજવરથી ખુબ જ સહાનુભૂતિ મળેલ છે.

હોસ્પીટલથી ઘરે આવતા મામાના ઘરે સવારે સફાઈ ૭ થી ૮ કસરત ૮ થી ૯, સ્વતંત્ર માણસ રાખેલ વૈયાવચ્ચ સેવા ગુરૂ અને આવતા ભાવિકોની શ્રી ખીરેન્દ્ર મામા અ.સૌ. ઉષા મામી, શ્રી ભાવેશ લોડાયા અ.સૌ. નિશા, ચિ. ઉદિત સવારે ૭ થી રાત્રે ૯ સતત આવાગમન. ગામના, બહારગામના ફોન બધાની ભક્તિ, આદરભાવ માટે મામા તમારા પરિવારની સેવાથી ઝુકી જવાય છે. નજરે આવી જોઈ માણી ગયા હોય તેજ તેનું મુલ્ય સમજી શકે. આપને ખબર મોડા આપવા છતાં તમારી સહાનુભૂતિ સતત. આપનો ધર્મસ્નેહ અમારૂં સંભારણું રહેલ છે. બાકી દેવ-ગુરૂ કૃપાજ આપ સૌને ગુરૂપૂર્ણિમાના દિવસે અંતરના આશીર્વાદ. આપી સમપાર્ણની ભાવના થીજ વડોદરાની જય બોલાઈ. બાકી મોહમયી મુંબઈ નગરીમાં પુરી સુવિધાઓ છે પણ સમય કોઈ પાસે નથી. ૬૭ વર્ષ થયા. શરીર તેનું કામ કરે. દાદા અનંતનાથ મા મહાકાલી અને શ્રીપૂજ ગાદીના પાવન ગુરૂપૂર્ણિમા દિને અંતરના આશિર્વાદ ફરી ફરી પ્રત્યક્ષ / પરોક્ષ જ્ઞાતિજનો અન્ય ગુરૂભક્તોની ભલી ભાવના માટે અનુમોદના...

**યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજની ક્ષમાપના-આભાર સૌને વંદન**

**(૧૪-૭-૧૨ સુધી વડોદરા પછી મુંબઈ સંપર્ક ૯૯૬૯૧૮૪૩૭૭)**

।। શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।। ।। શ્રી અંબે માતાય નમઃ ।।

## શ્રી અંબેમા-ખોના પરિવાર

જય માતાજી સાથે જણાવવાનું કે સુથરીમાં શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાના ઘરે બિરાજમાન **ખોના ગોત્ર**નાં કુળદેવી શ્રી અંબેમાંને નમતા બાળકો જોગ...

સુથરીમાં બિરાજમાન કુળદેવી શ્રી અંબેમાની સમુહ પહેડી અને જુહાર કારતક સુદ ૧૩, તા.૨૬-૧૧-૧૨થી કા. સુદ ૧૫ તા.૨૮-૧૧-૧૨ મધ્યે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ખોના પરિવારના જેના પણ લગ્નના, નામકરણના, છેડાછેડીના જુહાર બાકી હોય તે થઈ શકશે. પુનમના પરિવાર દ્વારા માતાજીની સમુહ પહેડી રહેશે. તેમજ પુડસાદાદા, શ્રી સામંતબાપાના ભુઈમાંની ગંધી બદલવાની વિધિ થશે. આ પ્રસંગે ખોના પરિવારના સર્વે ભાવિકો તથા નિયાણીઓ દીકરીઓને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. રેલ્વે ટિકિટ બુકીંગ પોતાની રીતે અગાઉથી કરાવી લેવા વિનંતી છે.

**નોંધ :** આપશ્રી કુટુંબના કેટલા જણાં પધારવાના છો તેની જાણ અગાઉથી કરશો જેથી વ્યવસ્થા સાચવવામાં સુગમતા રહે

**-: નિમંત્રક :-**

**અંબેમા ખોના પરિવારના જયમાતાજી**

રાજેન્દ્ર મણીલાલ ખોના-9861692853

ભરત મુલજી ખોના-9820078058, લહેરચંદ કુંવરજી ખોના-9825156340, અશ્વીન મણીલાલ ખોના-9833120585, સમીર કુંવરજી ખોના-9594274664, દિલીપ મણીલાલ ખોના-9702034307, બિપીન શામજી ખોના-9867302873

## વારાપધ્ધરમાં ચામુંડામાતાજીને નમતા લાલકા પરિવાર

**વારાપધ્ધર**માં કુળદેવી ચામુંડા માતાજીને નમતા લાલકા પરિવારની સમુહ પહેડી તથા નવા મંદિરની પ્રતિષ્ઠા કારતક સુદ ૧૪ **તા.૨૭-૧૧-૧૨**નાં, હોમ-હવન વિધિ-વિધાન તથા કારતક સુદ ૧૫ તા.૨૮-૧૧-૨૦૧૨ના પ્રતિષ્ઠા તથા સમુહ પહેડીનું આયોજન કરવામાં આવેલ છે.

હોમ-હવનમાં પાંચ જણ સજોડે લાભ લઈ શકશે. જોડીનો નકરો રૂ.૫,૦૦૦/- રાખવામાં આવેલ છે. પહેલાં આવેલ પાંચ નામ લેવામાં આવશે. જેની જાણ આગળથી કરવા વિનંતી. ટીકીટો પોતાની રીતે કઢાવી લેવી. આ પ્રસંગે અને ભાવિકો તથા નીયાણીબેનોને સજોડે પધારવા વિનંતી.

આવનાર ભાવિકોએ અગાઉથી જાણ કરવી જેથી વ્યવસ્થામાં સુગમતા રહે. પ્રતિષ્ઠા પહેડીના ફંડ માટે ગયા વરસે ભાવિકોનાં નામ આવેલ છે. આ ઉપરાંત હજી પણ યથાશક્તિ નામ લખાવવા વિનંતી છે.

સંપર્ક : **શ્રી પદમશી લખમશી લાલકા** (આદીપુર) 221427/223567

**રાજેન્દ્ર કુંવરજી લાલકા** (નેત્રા)-09427433348,

**કુસુમકાંત કુંવરજી લાલકા** (ડોંબિવલી)-9323961617

**તિલક કુંવરજી લાલકા** (ડોમ્બવલી)-07498055051

## લોડાયા-મોતા પરિવારનું ગૌરવ



**ચિ. હર્ષલ નિલેશ દિનેશ લોડાયા**

(નલિયા-યવતમાલ)

HSC (Sci.) માં 87% (PCM 93%) માર્ક્સ પ્રાપ્ત કરી કૉલેજમાં પ્રથમ ક્રમાંકે ઉત્તિર્ણ થયેલ છે. સાથે CET માં ૭૬% માર્ક્સ મેળવી સફળ થયેલ છે.

જીવનમાં એવીજ સફળતાની સીડી સર કરી પરિવાર તથા જ્ઞાતિનું નામ રોશન કરે એવી શુભેચ્છા!

**-: શુભેચ્છુક :-**

દાદા-દાદી : **સૌ. લિલાવંતી દિનેશ લોડાયા** (નલિયા-યવતમાલ)

નાના-નાની : **સ્વ. લિલાવંતી ખેતશી મોતા** (રાપર-ડોંબિવલી)

માતા-પિતા : **સૌ. ઉર્મિલા નિલેશ લોડાયા**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા-બારોઈ

### મહાપર્વ આરાધનાર્થે આમંત્રણ

આદરણીય બન્ને ગામવાસીઓ અને નિયાણી બહેનો સહપરિવાર જોગ, જયજિનેન્દ્ર સાથે જણાવવાનું કે તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા અને આશિર્વાદથી પૂ.સા.શ્રી વિશ્વોદયાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ.સા.શ્રી ચારૂગુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ.સા.શ્રી **ચિંતનગુણાશ્રીજી મ.સા.**ની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના કરવા ગામમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

પર્યુષણ પર્વ તા.૧૪-૮-૧૨ થી ૨૨-૮-૧૨ સુધી છે. આપની સંપુર્ણ વ્યવસ્થા સચવાય તે માટે વહેલી તકે જાણ કરશોજી.

સંપર્ક : **શ્રી ભુપેન્દ્રભાઈ ડાઘા**-09819883522

**શ્રી શ્રેણીકભાઈ મોમાયા**-09323785320

**પ્રમુખ શ્રી પિયુષભાઈ ચંદુલાલ ડાઘા** તેમજ પદાધિકારીઓ ટ્રસ્ટીગણ એવમ કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર

## મ્યુઝિક થેરેપી : તબીબી સારવાર સૂર-સાજના સથવારે... – મનિષ ડાઘા (મુલુન્ડ)

Carlyele had once said, "GOD WALKS BEHING GOOD MUSIC"

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામ પણ જેનાથી વશીભૂત થયા હતા તે પૂ. નંદીઘોષવિજયજી મ.સા.એ અમદાવાદના શિબિરમાં સાયન્ટિફિક સ્પીરિચ્યુઆલિટી અંગે રસપ્રદ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ભારતીય સંગીતનું ખુબ મહત્વ છે. ધ્વનિશાસ્ત્રનું પણ અનોખું ફિઝિક્સ છે. સાત સ્વર છે અને તે સ્વરની ફ્રિકવન્સી પણ છે. જો તેમ ૧૫ મિનિટ નિયત સંગીત સાંભળે તો રોગ નિવારણ થાય તેમાં પણ જૈન ધર્મમાં રહેલું **અજીતશાંતિ સ્તોત્ર** નિયત રાગમાં બોલો અથવા સાંભળો સવારે અને સાંજે તો જૂના રોગ દૂર થાય અને નવા રોગ ના થાય, મ્યુઝિક થેરેપીમાં ઓલ ઇન વન સ્તોત્ર છે.

ઈષ્ટ દેવને રિઝવવાનો સહુથી અસરકારક માર્ગ છે **"ભક્તિ સંગીત"** આ વાતના ઘણાં જાત અનુભવ થયા છે. હાલમાંજ તા.૩-૭-૧૨ ગુરૂ પૂર્ણિમાંનાં શુભ દિને મુલુન્ડમાં શ્રી જયંતભાઈ રાહીનાં નવકાર મહામંત્ર જાપનો લાભ અમારા પરિવારને મળેલ. જેમાં ૧૦૦૦ ભાવિકોએ ૨ કલાક સુધી આસન બદલ્યા વગર એક સૂરમાં નવકાર મહામંત્રનો સામૂહિક જાપ કરેલ. જાપમાં આવતાં પહેલા ખુદ જયંતભાઈને ત્રણ દિવસથી તાવ હતો. જાપ બાદ એમણે જાતે કહ્યું કે હવે પરસેવો વળે છે અને એમને સારૂં લાગે છે. જાપ બાદ ભાવિકો સાથે વાત કરતા ઘણાના આવા અનુભવ જાણવા મળ્યા. જે ખુર્શી ઉપર નહોતા બેસી શકતા તે જમીન ઉપર બેસતા થઈ ગયા! જે વ્યક્તિ વાતવાતમાં ઉશ્કેરાટ અનુભવતી હતી તે પ્રફુલ્લિત રહેવા લાગી, તેમનું માનસિક તાણ ઓછું થઈ ગયું.

આ બધુંજ સાયન્ટિફિક છે. સેન્ટ્રલ નર્વસ સીસ્ટમાં (મગજ) સાથે ઓડિટરી (સાંભળવાનો જ્ઞાનતંતુ) ના કનેક્શન (જોડાણ) હરીજી ઇન્દ્રિયોની નર્વસ કરતા છ ગણું (6 times) વધારે હોય છે. એટલે સંગીતના લય, તાલ અને સૂરની અસર મગજ પર તરત સારી રીતે થાય છે. કેનેડાની મોન્ટ્રીયલ ન્યુરોલોજીકલ ઇન્ટીટ્યુટના સંશોધનથી પૂરવાર થયેલ છે કે મનગમતું સંગીત સાંભળો તો તમારૂં મગજ ખૂબ મોટા પ્રમાણમાં "ડોપામાઇન" નામનું કેમીકલ લોહીમાં છોડે છે જેનાથી કંપવાના રોગીઓને ઘણો ફાયદો થાય છે. માતાના હાલરડામાં ભૂપ અને કામોદ રાગો હોય છે. જેનાથી પીટ્યુટરી નામની ગ્રંથી ઉત્તેજીત થાય છે, જે શરીરમાંના સ્ત્રાવને નિયંત્રણમાં રાખે છે જેનાથી સ્નાયુતંત્ર, રૂધિરાભિસરણ પર સારી અસર થાય છે.

| | Raag | Effect | Songs |
|---|---|---|---|
| ૧) | ભુપાળી, તોડી | મનને તાજગી આપે, ઉત્સાહ વધારે, B.P. ઓછું થાય | દેઆ એક ખ્વાબ તો યે... સાયોનારા સાયોનારા... |
| ૨) | બાગેશ્રી | મીઠી ઊંઘ આવે, શરીરીને આરામ મળે | રાધા ના બોલે ના બોલે રે.. આજા રે પરદેસી... |
| ૩) | ભૈરવી | માનસિક અસ્વસ્થતા દૂર થાય, આનંદદાયક | રમૈયા વત્તા વૈયા... લાગા ચુનરી મેં દાગ... |
| ૪) | પહાડી | પીડાનાશક (Pain killer) ઓપરેશન પછીની પીડા ઓછી થાય | ઇશારોં ઇશારોંમેં દિલ લેનેવાલે... ચૌદવી કા ચાંદ હો... |
| ૫) | યમન | વાતાવરણને પવિત્ર કરે, ધ્યાન માટે શ્રેષ્ઠ | જબ દિપ જલે આના... ચંદન સા બદન... |
| ૬) | કાફી, સારંગ | મન શાંત થાય, ઉશ્કેરાટ દૂર થાય | પુકારતા ચલા હું મૈ... |
| ૭) | આશાવરી, માલકોશ | લૉ બી.પી.માં ફાયદો થાય | મન તડપત હરી દર્શન કો આજ... પહલા નશા પહલા ખુમાર... |
| ૮) | શીવરંજની | Good Memory | જાને કહાઁ ગયે વો દિન... બહારોં ફૂલ બરસાઓ... |

***સીડિયાઁ ઉનકે લીયે બનીં હૈં જીન્હે ઇન પર જાના હૈ,***
***આસમાન પર હો જીનકી નઝર ઉન્હે રાસ્તા ખુદ બનાના હૈ***
**સંગીત સાંભળો, ગુનગુનાઓ અને જીવનને સદા સંગીતમય બનાવી નિરોગી રહો.**

**વ્યક્તિ વિશેષ :**
**શ્રી પદમકુમાર ધનજી નાગડા** (નલિયા–હુબલી)

હુબલીનાં સામાજીક કાર્યકર, પ્રકાશ-સમીક્ષાના માનદ પ્રતિનિધી સામાજીક સુરક્ષા યોજનાના સંનિષ્ઠ કાર્યકર્તા, મોંઘીમાં નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલયના હિતેચ્છુ એવા શ્રી પદમકુમાર નાગડા છેલ્લા ૩૫/૩૭ વર્ષથી હુબલીમાં વસવાટ કરી રહ્યા છે. તેઓ B.E. મેકેનિલ ઈન્જીનીયર છે. ૩૦ વર્ષ સુધી BDK ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝમાં ઉચ્ચ સ્થાને કાર્યરત હતા. હાલમાંથી નિવૃત થયા છે. હાલમાં જ તેમણે ૨૨-૬-૨૦૧૨ના ૬૫ વર્ષ પુર્ણ કર્યા તેમજ દામ્પત્ય જીવનના ૪૦ વર્ષ પુર્ણ થતાં નજીકના સગા સ્નેહીઓ તેમજ મિત્રવર્તુળ બચ્ચે એક નાનકડું સ્નેહમિલન અને પાર્ટીનું આયોજન કરેલ આ પ્રસંગે સૌએ એમને ઉત્તરોતર પ્રગતિ, સુખી દામ્પત્યજીવન અને દિર્ઘાયુષ્યની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

BDK Group of Industries માંથી નિવૃતિ મેળવ્યા બાદ છેલ્લા દોઢેક વર્ષથી એક બીજી કંપનીમાં જનરલ મેનેજરની પદવી હેઠળ ટેકનીકલ ક્ષેત્રે વિશિષ્ટ સેવા આપી રહ્યા છે. આટલા ટુંકા ગાળામાં પોતાની આગવી કાર્યપધ્ધતિથી અને બાહોશીથી એ કંપનીમાં ચાહના મેળવી છે એની ફળશ્રુતતિરૂપે એમના જન્મદિને કંપની તરફથી નવી ટાટા **નેનો AC કાર** એમને ભેટરૂપે અર્પણ કરાઈ હતી. આ અંગે એમનો પ્રતિભાવ જાણવાની મેં કોશિષ કરી તો એમણે કહ્યું આ કર્તવ્યનિષ્ઠા અને કાર્યપ્રણાલી મેં BDK ગ્રુપમાંથી મેળવી છે.

આજે ૬૫ વર્ષની ઉમરે પણ નવયુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ અને દરેક કામ ખંત, ચીવટથી અને ચોક્કસ સમય મર્યાદામાં પુરા કરવાની વિશિષ્ટ કાર્યપધ્ધતિ એમની આગવી ખાસિયત છે.

જ્ઞાતિની સામાજીક સુરક્ષા યોજના માટે તેમણે અથાગ મહેનત અને ખંતથી કાર્ય કરેલ છે. અને હજી કરી રહ્યા છે. તે પ્રશંસાને પાત્ર છે. સામાજિક સુરક્ષા યોજનામાં તેમણે સુંદર રીતે આંકડાકીય માહિત તૈયાર કરેલ. તેમના પ્રમુખપદે વધુ સભ્યો આ યોજનામાં જોડાયા એ તેમની મહેનતનુ પરીણામ છે. જેઓ પણ આ યોજનામાં ન જોડાયા હોય તેઓ આ યોજનામાં જોડાય એવી સમસ્ત જ્ઞાતિજનોને તેમણે વિનંતિ કરી છે. તેઓ સ્વભાવે સાદા-સરળ અને ઉદ્યમશીલ કાર્યકર છે. દરેક કાર્ય ખુબ ખંત-ચોક્કસાઈપુર્વક કરે છે.

આપણે સૌ તેમને નિરામય, સુખ શાંતિમય જીવન અને દિર્ઘાયુષ્યની શુભેચ્છા આપીએ.

– ***શાંતિલાલ રામજી લાલકા (હુબલી)***


**REPUTED BUILDER REQUIRES PERSONAL ASSISTANT**

- FLUENT IN ENGLISH, GUJRATI & MARATHI
- COMMERCE GRADUATE
- SHOULD BE INTERESTED IN STOCK MARKETS/FINANCE
- WILLING TO TRAVEL EXTENSIVELY (LOCALLY)
- COMPUTER SAVVY & WILLING TO LEARN NEW THINGS
- SALARY SHALL NOT BE A CONSTRAINT FOR THE RIGHT CANDIDATE.

CONTACT : 08879600365
E MAIL C.V. TO
anantnathdevelopers@yahoo.co.in


**શ્રી અરિહંત કો-ઓપ. બેંક લી.**

જીબી ૧૦એ/બી કર્મસ્તંભ,
એલ.બી.એસ. માર્ગ, વિક્રોલી (વે),
મુંબઈ–૪૦૦૦૮૩. ફોન : ૨૫૭૯૯૩૨૦

**નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે બેંકની ૨૯મી વાર્ષિક સામાન્ય સભા **શનિવાર તા.૪–૮–૨૦૧૨**ના રોજ બપોરે 3.30 કલાકે શ્રી કાલીદાસ નાટ્ય મંદીર, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ–૪૦૦૦૮૦ મધ્યે મળશે. જેમાં એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે બેંકની શાખાઓમાં મુકેલ છે.

સર્વ સભ્યોને હાજર રહેવા વિનંતી.

**પ્રતાપ કે. ઓઝા**
(ચીફ એકઝીક્યુટીવ)

## પાસ થયા – હાર્દિક અભિનંદન !


સલોની અરવિંદ જીવાણી
(સેલમ)
SSC - 93.5%


હેમાંગ હરેશ ડાઘા
(નડીયાદ)
SSC - 78%


શુભમ કિરીટકુમાર લોડાયા
(પાચોરા)
SSC - 86.18%


કેવલ વિરચંદ ખોના
(ડોંબિવલી)
T.Y.B.COM. - 80.14%


યેશા દિલીપ ખોના
(મુલુન્ડ)
T.Y.B.B.I. - 67%


ચિંતન ચેતન મુનવર
(બેલ્લારી)
F.Y.Engg&CGPA 9.74%


જતીન ચેતન મુનવર
(બેલ્લારી)
HSC - 91.17%


કેવિન શશીકાંત ખોના
()
SSC - 73.09%


ચૈતન્ય પદમશી લાપસીયા
(મુલુન્ડ)
CBSE (X) - 96.6%


હર્ષ નિખિલ ખોના
(માટુંગા)
SSC - 71.27%


દેશા જયચંદ લોડાયા
(મસ્જીદબંદર))
SSC - 82%


અક્ષય રમેશ મૈશેરી
(ડોંબિવલી)
SSC - 80.91%


હર્ષલ નિલેશ લોડાયા
(યવતમાલ)
HSC - 87%


કેવલ પ્રફુલ લોડાયા
(પુના)
SSC - 67.64%


હીના બિપીન મોતા
(નાંદેડ)
SSC - 88%


નિકીતા નાગડા
(નાંદેડ)
SSC - 70%


કરણ પરેશ ઘરમશી
(ઇંદોર)
CBSE (X) 9.4 CGPA


વિમલ અતુલ દંડ
(ગાંધીધામ)
SSC - 67.64%

વિનય તરૂણકુમાર ખોના HSC-50%


કરિશ્મા નરેન્દ્ર ખોના
(ડોંબિવલી)
T.Y.B.Com. - 75.5%


ત્રિશલા ઉપેન્દ્ર ગોસર
(દાદર)
SSC - 91.09%


ડીમ્પલ અશોક જીવાણી
(કલ્યાણ)
%


વરૂણ વીરચંદ લાલકા
(ઘાટકોપર)
SSC - 86.36%


શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા**
**(માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**
(વરાડીયા-મલકાપુર)
**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**
**Asia's First ISO 9001:2000 Certified Gin Press**



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)

## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

વહીવટી કાર્યાલય : ૧૫, ગોરવ એપાર્ટમેન્ટ, ૪ થે માળે, નાહુર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ - ૮૦.

આદરણીય જ્ઞાતીજનો, મહાનુભવો, દાતાશ્રીઓ,

આપણી છાત્રાલયની દિકરીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ સુંદર રીતે પૂર્ણ કરેલ છે. ગતવર્ષના વાર્ષિક પરીણામો જ્ઞાતી સમક્ષ રજૂ કરતા આનંદ અનુભવીએ છીએ. છાત્રાલયમાં ગત વર્ષે ૩૦ **માંથી ૨૯ દિકરીઓએ ઉત્તીર્ણ થઇને સંસ્થાને ૯૬% સફળતા અપાવેલ છે. નીચે મુજબની ૧૫ દિકરીઓએ ફર્સ્ટ ક્લાસ કે તેથી વધારે માર્કસ** સાથે ઉત્તીર્ણ થઇને અમોને અમારી ફરજ અને કર્તવ્યમાં મહદઅંશે અમો ખરા ઉતર્યા છીએ એવી અનુભૂતી કરાવી છે. અમારી આ અનુભુતીનો અહેસાસ આપસૌને પણ હશેજ. **દિકરીઓએ અપાવેલ ઝળહળતી સફળતા આપ સૌના સુવર્ણ સાથ સહકાર વગર શક્ય નથી.** આજે આપણી દિકરીઓ ભણતર સાથે જીવનના ઉચ્ચ કક્ષાના ઘડતર થી ઘડાઇ રહી છે. જેનુ પરીણામ સમય જતા સમાજના દરેક ક્ષેત્રની ઉન્નતીમાં મહત્વપૂર્ણ યોગદાન હશેજ... તેનો અહેસાસ આપણે સૌને જોવા મળશે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ માં ૨૬ દિકરીઓએ જીવનના ઘડતર સાથે ભણતરનો ખુબજ થનગનાટ સાથે પ્રારંભ કરેલ છે.

આ સંસ્થાના દૃશ્ય અદૃશ્ય તમામ હિતેચ્છુ અને કાર્યકર્તાઓનો અમે ખરા દિલથી આભાર માનીએ છિએ. આ સફળતામાં આપ સૌનું પણ મહત્વનું યોગદાન છે.

આપણી આ છાત્રાલયની દિકરીઓની સફળતાએ આપણે તન-મન-ધનથી આપેલ યોગદાન બદલ આપણા સૌની સફળતા છે.



પૂજા લલિતભાઇ માલદે
દલતુંગી
ધો. - ૮ (૬૮.૮૬%)



નિકિતા અશોકભાઇ લોડાયા
દલતુંગી
ધો. - ૯ (૭૧%)



કાજલ દિપકભાઇ ખોના
મોટી ખાવડી
ધો.- ૯ (૬૯%)



કિંજલ દિપકભાઇ ખોના
મોટી ખાવડી
ધો. - ૯ (૬૮.૮૬%)



દિક્ષા મણિલાલ શાહ
કોઠારા
ધો.- ૧૦ (૭૪.૯૬%)



જીનલ સુરેશભાઇ લોડાયા
મોટી ખાવડી
ધો.- ૧૦ (૭૩.૫૫%)



હેમાંશી લક્ષ્મીચંદ લોડાયા
ગોરખડી
ધો.- ૧૧ (૭૭.૭૮%)



રમિલા ધનપતી મૈશેરી
ગોધરા
ધો.- ૧૧ (૭૬.૫૫%)



જીનલ અશોકભાઇ લોડાયા
દલતુંગી
ધો.- ૧૧ (૭૧.૮૮%)



રશ્મિતા શરદભાઇ ખોના
નલિયા
ધો.- ૧૧ (૬૭.૨૨%)



એકતા નરેન્દ્રભાઇ માલદે
દલતુંગી
ધો.- ૧૨ (૬૨.૮૨%)



અલ્પા પરેશભાઇ લોડાયા
મોટી ખાવડી
ધો.- ૧૨ (૬૧.૦૬%)



દામિની નરેન્દ્રભાઇ માલદે
દલતુંગી
ધો.- SYBCOMS4 (૭૨%)



બીના અશોકભાઇ લોડાયા
દલતુંગી
ધો.- SYBCOMS4 (૬૫.૫૭%)



હેતલ લહેરચંદભાઇ ખોના
વાંકુ
ધો.- SYBCOMS4 (૬૩.૮૬%)

**વ્હાલી તમામ દિકરીઓને મળેલ ઝળહળતી સફળતા માટે ખૂબ ખૂબ અભિનંદન.** તેઓના સમગ્ર જીવન દરમ્યાન દરેક ક્ષેત્રોમાં આવીજ રીતે સફળ રહીને સંસ્થા, પોતાના માતા પિતા, તેમજ પોતાના કુળ અને જ્ઞાતિને ગૌરવ અપાવે એવી અંતરની અભિલાષા સાથે ખૂબ ખૂબ શુભકામનાઓ !

સમાજના શિક્ષણપ્રેમી હિતેચ્છુઓનો અમોને હમેશા સાથ સહકાર મળેલ છે અને ભવિષ્યમાં પણ આવોજ સાથ સહકાર મળતો રહેશે એવી અમોને ખાત્રી છે. આપ સૌના હરહમેશ પ્રોત્સાહીક સહકારની આશા સાથે.....

લી. – **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ** સંચાલિત

**માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલયના**

ટ્રસ્ટીગણ તથા વ્યવસ્થાપક સમિતીના સર્વે સભ્યોના જય જીનેન્દ્ર

**કન્યા કેળવણી એજ હેતુ, સમાજ અને શિક્ષણ વચ્ચેનો સેતુ**

|| જય શ્રી ગોડિયા પાર્શ્વનાથ ||

# Congratulation !



## Varun V. Lalka

School S.V.D.D. (Eng.) Ghatkopar

**S. S. C. : 86.36%**

શુભાશિષ :

નાનાણાં : માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા, (રાપરગઢવારી)

દાદાણાં : માતુશ્રી હીરબાઇ કુંવરજી (માસ્તર) લાલકા (વારાપધ્ધર)

# શ્રી રાજકોટ અચલગચ્છ જૈન સંઘ

## *બનીને સંપૂર્ણ ચાતુર્માસના દાતા*
## *બાંધ્યા છે તમે ભવોભવના ભાતા*

અમ આંગણે આજે ચિંતામણીરત્ન, કલ્પવૃક્ષ-કામકુંભ સમકાળે ફળ્યા છે. કારણ પ્રભુની અસીમ કરૂણા અને સૂરિત્રયના કૃપા-આજ્ઞા-આશિષથી પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા **પૂ.સા.શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪**નો શ્રી રાજકોટ અચલગચ્છ જૈન સંઘના ઈતિહાસમાં સર્વ પ્રથમ ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. આ ઐતિહાસિક ચાતુર્માસ પ્રવેશથી પૂર્ણાહુતિ સુધી અત્રે ઉપાશ્રય ન હોવાથી, પોતાનું મકાન આપીને એમાં પૂજ્યશ્રીનો ચાતુર્માસ કરાવીને **"અતિથિ દેવો ભવ"** ની ઉદાર ભાવના સાથે સમસ્ત સંઘની સાધર્મિકભક્તિનો લાભ-અર્થાત સંપૂર્ણ ચાતુર્માસનો લાભ **માતુશ્રી તેજબાઈ ભવાનજી મૈશેરી પરિવાર (ગોધરા)** એ તન-મન-ધનની ત્રિવિધ ઉદારતાથી લીધેલ છે. આ મૈશેરી પરિવારની શ્રી રાજકોટ અચલગચ્છ જૈન સંઘ અંતરથી અનુમોદના કરે છે. સર્વ સંઘોને ચાતુર્માસ દરમ્યાન રાજકોટના તીર્થતુલ્ય વિવિધ જિનાલયોના દર્શન-વંદન કરવા પધારી અમ આંગણીયું પાવન કરવા હાર્દિક આમંત્રણ છે.

રાજકોટથી જુનાગઢ ૧૦૦ કિ.મિ.ના અંતરે છે. દરેક વાહન વ્યવહારની સુવિધા છે. આપના આગમનની જાણ અગાઉથી કરવા વિનંતી.

**મૈશેરી પરિવારે લાભ લીધા અનમોલ**
**ના થઈ શકે તમારા કોઈ શબ્દોથી તોલ**

રાજકોટ પધારતા સંઘોને આ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતિ

**હિતેશભાઈ મૈશેરી - 093755 09777, 093759 51936**

**કિશોરભાઈ મૈશેરી - 098797 12654**



-: નિમંત્રક :-

**શ્રી રાજકોટ અચલગચ્છ જૈન સંઘ**



## TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

### Interesting Anecdotes : Lord Buddha

Forgiveness is universally recognized as a fine art. It is practiced by the persons who have kind heart. It reflects the broadness of one's mind. It gives them inner satisfaction. It raises them not only in the eyes of others but also in their own eyes. It has a magical effect on those whom it is practiced. It has changed the lifestyles of many criminals. Several great thinkers and saints of the world have set live examples of this fine art for us to follow. One of them was Lord Buddha.

It is said that once Lord Buddha came across one hardened criminal who was looting and killing even innocent people. He wanted to kill Buddha also. Buddha smilingly told him to go , cut and bring one leaf from the branch of a nearby tree. The criminal took no time to bring one leaf. Now Buddha told him to join that leaf to the same branch. The criminal expressed his inability to do so. This- incident made him realize that since he was unable of create anything, he had no right to destroy anything. At the same time he realized that whatever he had been doing so long was a great sin. He fell at the feet of Lord Buddha and begged his pardon. Buddha not only forgave him but also blessed him.

### Proverbs are lamps to life

• A good surgeon must have an eagle's eye, a lion's heart, and a lady's hand.

• He who digs a hole for someone, falls himself in it.

• To gossip is a fault, to libel is a crime; to slander is a sin.

### Amazing facts about Mosambi

Mosambi juice which supplies vitamin c and carbohydrates in the form of assimilable dextrose is an excellent, nutritious liquid food in fevers, anaemias, infection as it provides the required energy to the body. *Mosambi juice taken regularly helps normal delivery. Both mother and baby are protected from post natal infection. * Mosambi whose food value is similar to that of orange is an excellent fruit. It contains low calories i.e. 30 calories per 100 gms roughly. So it can be given to persons who want to reduce weight. It helps improve digestion by stimulating the enzyme process.

***- The health herald***

### Amazing figures

The Smithsonian institution in Washington D.C.has one of the world's greatest collection of science and art artifacts. It offers over 100 million objects. The exhibits range from ferocious species of flesh eating beetle to Judy Garland's red slippers from the film `Wizard of Oz' ; from the plane in which Lindberg first flew over the Atlantic ocean to 12,724,557 postage stamps.

• The Nehru science centre at Worli in central Mumbai is the largest participatory science museum in Asia. The museum which contains 1000 working exhibits and 400 supporting pieces provides facilities to the young to pursue scientific hobbies in electronics, amateur radio, aero modelling, rocketry, biosciences and engineering.

### Word power

Last week's prize goes to Mrs Jasmine Gosar for her 801 words. Congratulations.. This week's word is the Smithsonian Institution of Washington'. Make as many smaller words as possible from this set of words and send to Mrs. Neelam Dalesh Momaya, Chalisgaon. The longest list wins the prize. This time there is a possibility of many words.

### By the bye

If you want to keep, keep your promise.
If you want to cultivate, cultivate good manners.
If you want to read , read good books.
If you want to dress, dress the wound of others.
If you want to kill , kill your pride.
If you want to write, write your mistakes.
If you want to sow, sow seeds of love.
If you want to die, die for your country.

॥ શ્રી અજીતનાથાય નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – વાંકુ

શ્રી સમસ્ત વાંકુ જૈન જ્ઞાતિજનો જોગ,

કચ્છની કામણગારી ધરતી અને વાંકુ ગામ એમાં આપણાં પુર્વજોની ધર્મભાવનાને ધ્વનિત કરતું, તીર્થની ગરિમા ધરાવતું શ્રી અજીતનાથ દાદાનું જિનાલય **૧૩૫ વર્ષ** પ્રાચીન આ જિનાલય અતિતની ભવ્યતાની ઝાંખી કરાવે છે. પરંતુ ધરતીકંપના કારણે કંઇક અસરગ્રસ્ત બનેલા એ જિનાલયમાં ફરી પ્રાણ પુરવાનો પુણ્ય અવસર આપણાં આંગણે આવી ઉભો છે. નવું જિનાલય કરીને એ જિનાલયને **સંપુર્ણ સંગેમરમરી** બનાવવાના શુભ મનોરથ જાગ્યા છે. એ મનોરથને સાકાર કરવાની, આ માનવ જન્મને સાર્થક કરવાની અને પુણ્યયોગે સાંપડેલી સંપત્તિની સફળતા પ્રાપ્ત કરવાની આ અણમોલ તક આવી છે ત્યારે સૌ સુજ્ઞ સ્વજનોને સહભાગી બનવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

કચ્છની વિશાળ ભુમિ અનેકાનેક નયનરમ્ય, ભવ્ય જિનમંદિરોથી વિભુષિત છે. પરંતુ સંપુર્ણ સંગેમરમરી-આરસનું હોય એવું કચ્છની ધરાપર આ પ્રથમ જિનાલય હશે. આવો લાભ-આવો અવસર વારંવાર મળતો નથી. તેથી આપના ધંધા, રોજગાર અને વ્યવહારની વ્યસ્તતામાંથી પણ થોડો સમય કાઢીને **મુલુન્ડમાં તા.૨૯-૭-૧૨**ના સાંજે ૪ કલાકે **શ્રી દામજી નરશી સોની**ના ઘરે મુંબઈ તથા બહારગામ વસતા તમામ વાંકુવાસી ભાઈઓ જરૂર પધારશો. અને સુકૃતમાં સહભાગી બની. વાંકુ ગામના ગૌરવ સ્વરૂપ અલંકાર સ્વરૂપ આ જિનાલયમાં કાંઇક "મારું-પોતાનું" યોગદાન અર્પણ કરવાની અને કૃતાર્થ બનવાની આ તકને વધાવી લ્યો... નવા જિનાલય સંબંધી ઘણી વિગતો આ મીટીંગમાં ચર્ચાશે. ત્યારે ખરેખર આપને અપુર્વ આનંદનો અને ગૌરવનો અનુભવ થશે... તેથી જરૂરથી પધારજો...

**પધારો... જરૂરથી પધારો... ગામને ગૌરવ અપાવવાની ભાવનાથી ઉમંગે પધારજો.**

**-: નિમંત્રક :-**

**શ્રી વાંકુ જિનાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

**રમેશ ત્રીકમજી સોની – 98200 34251 ● દામજી નરશી સોની – 99204 60553**

**ભદ્રીચંદ દેવશી લોડાયા – 98199 13967 ● બંકીમચંદ મેઘજી મોતા – 93222 30754**

## સમગ્ર કચ્છી દસા ઓસવાલ માટે કચ્છી ગૌરવ અભિવ્યકિત

**શત શત જીવો**



શ્રી તેજપાલ ધારશી નાગડા – કવિ તેજ

કચ્છની અતિ વિષમ પરિસ્થિતિમાં પોતાનું આગવું કૌવત અને ખમીર ને ઉજાગર કરી સમગ્ર કચ્છી સમાજને પોતાના ઋણી બનાવનાર એકલવીર યોદ્ધાને

**શત શત સલામ**

**કચ્છ - શકિત રાષ્ટ્રીય એવોર્ડ સન્માનિત**



શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર
કોઠારા-ભુજ



શ્રી સતીશ દેવજી મૈશેરી
નલીયા-બેંગલોર

આપ શ્રીની અથાગ મહેનત તથા ઉમદા જીવન શૈલી અને સમાજોપયોગી કાર્યો કરી આપે સમાજના યુવાનો માટે આપ એક પ્રેરણા શ્રોત બન્યા તે બદલ આપના વિરલ બહુમુખી પ્રતિભાને

**શત શત સલામ**

**શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાજકોટ**

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## રાપરગઢવારી જિનાલયની વર્ષગાંઠ ઉજવાઈ

રાપરગઢવારી ગામે શ્રી ગોડીયાજી પાર્શ્વનાથ જિનાલયની ૧૨૦મી વર્ષગાંઠની ઉજવણી પૂ. શ્રી કંચનસાગરજી મ.સા. તથા પૂ.સા.શ્રી મહાયશાશ્રીજી મ.સા.ની શુભ-પાવન નિશ્રામાં કરવામાં આવી હતી. મુંબઈ અને દેશાવરથી ૬૦૦ ભાવિકો માદરે વતન પધાર્યા હતા.

પ્રથમ દિવસે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન માતુશ્રી વેલબાઈ લઘુભાઈ લોડાયા પરિવાર દ્વારા, દ્વિતિય દિવસે પરમાત્માનાં અઢાર અભિષેક માતુશ્રી ગુણવંતીબેન ભોજરાજ નાગડા પરિવાર દ્વારા યોજાયું હતું. બંદોલી-વરઘોડા સાથે ગામને પ્રદક્ષિણા તથા અબીલ-ગુલાલથી રંગવાનો લાભ ખુશ્મીતા મુકેશ મહેતા પરિવારે લીધેલ. તૃતીય દિવસે સતરભેદી પૂજા બાદ ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. ધ્વજારોહણ બાદ જિનાલય ચોકમાં સૌ નાચી-ઝુમી ઉઠ્યા હતા.

ઢોલ-શરણાઈની નોબત સાથે પ્રભાતિયા, ૧૦૮ દીવડાનાં શાંત-સોનેરી પ્રકાશે જિનાલયનો ઝગમગાટ, વિશિષ્ટ દીપક પૂજા રૂપે આ રીતનું આયોજન શ્રી વિશાલ પંડીતની સંગે ધાર્મિક પ્રશ્નોત્તરી, ભક્તિ ભાવના અને રાસોની રમઝટ મહોત્સવનાં અનેરા આકર્ષણ રહ્યા હતા.

તૃતિય દિવસે મુખ્ય કાર્યક્રમનું અતિથિવિશેષપદ હિતેશભાઈ મોતા, પ્રવિણભાઈ લોડાયા, લલીતભાઈ લોડાયા, પિંગલેશ્વર મહંત શ્રી પુરૂષોત્તમગીરી, વાલજીભાઈ ગઢવી, શિક્ષક સમાજના પ્રમુખ રામસંગજી જાડેજા, હકુમતસિંહ જાડેજા, બાપાલાલા જાડેજા, વિમળાબેન આશર, રાપરગઢવારી-વાંકુ-આરીખાણાના સરપંચશ્રીઓએ શોભાવ્યું હતું.

પ્રારંભે સ્વાગત પ્રવચન શ્રી કલ્પેશભાઈ મોતાએ કર્યું હતું. શ્રી રમેશભાઈ મોતાએ મહોત્સવ ઉજવણીની વિગતો રજુ કરી હતી.

મહોત્સવનાં મુખ્ય આધારસ્તંભ માતુશ્રી તારાબેન માણેકજી મોતા, જયાબેન પદમશી મૈશેરી, મંજુલાબેન દામજી મૈશેરી, દેવકાંબાઈ દેવજી નાગડા તથા વિજયાબેન કુંવરજી લોડાયા આદિ પરિવારજનોનું બહુમાન કરવામાં આવેલ. મહોત્સવનાં અન્ય દાતાશ્રીઓને પણ આ અવસરે સન્માનિત કરવામાં આવેલ. પુજારીશ્રી તથા વિધિકારશ્રીનું પણ સન્માન કરવામાં આવેલ.

ડો. યોગીની વેરશી મૈશેરીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ. તાલુકા પંચાયત પ્રમુખ શ્રી મુળરાજભાઈ ગઢવીએ જૈન સમાજનાં જીવદયા અને માનવસેવાનાં કાર્યોને બિરદાવ્યા હતા. શ્રી હિતેશભાઈ મોતાએ ગામ લોકોની એકતા અને સંગઠનની ભાવનાં અને ધાર્મિક લાગણીઓને બિરદાવી હતી. કાર્યક્રમનં સંચાલન શ્રી પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન શ્રી રમેશભાઈ મોતાએ કરેલ.

## કોચીનમાં સમસ્ત મહાજનની સંપર્ક સભા

શ્રી સમસ્ત ક.દ.ઓ. મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ મોમાયા, સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતા અને ટ્રસ્ટી શ્રી ચંકભાઈ જીવાણી જ્ઞાતિ જનજાગરણ અને સંપર્ક અભિયાન અંતર્ગત ૫-૬-૧૨ના કોચીન પધારેલ. સાંજના ૬.૩૦ કલાકે શ્રી જૈન દેરાસર વ્યાખ્યાન હોલમાં જ્ઞાતિજનોની બેઠક રાખવામાં આવેલ. જેમાં કોચીનના ૨૦૦ જણાં અને કલીકટ-બડગરાથી પણ અંદાજે દશેક જણાંએ ભાગ લીધેલ.

સભાની શરૂઆત મૌન પ્રાર્થના બાદ જ્ઞાતિ શિરોમણીની નરશી નાથાની છબીને હારારોપણ કરી દીપક પ્રગટાવીને કરવામાં આવેલ. સર્વે જ્ઞાતિજનોને સ્વાગત કરતા પ્રમુખ શ્રી કિશોર શામજી કુરૂવાએ કોચીનની ઐતિહાસિક ઝલક રજુ કરેલ.

ત્યારબાદ શ્રી માણીકાંત વિશનજી ખોનાએ દક્ષિણ ભારત એકમ દ્વારા સંચાલીત કલ્પવૃક્ષ યોજનાના પ્રશ્નો



ABDASA (KACHCHH) GAUSHALA TRUST

Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256
Mumbai Office : 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

બાબત વિસ્તારપુર્વક માહિતી આપેલ. તેમણે જણાવેલ કે આ યોજનામાં ભારતભરના ઘણાં જ્ઞાતિસભ્યો અને જૈનેતરોએ રોકાણ કરેલ છે. આ સમસ્યાના શાંતિપૂર્ણ ઉકેલ માટે સમસ્ત મહાજન દક્ષિણ ભારત એકમ સાથે મળી ઘટતું કરવા કોચીન મહાજન વતી તેમને અપીલ કરેલ જેનો શ્રોતાઓએ સમર્થન કરેલ. આ બાબત સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતાએ જણાવેલ કે આ સમસ્યાના સમાધાનપૂર્ણ ઉકેલ માટે સમસ્ત મહાજન વચ્ચે માધ્યમ બની ઘટતું કરશે.

શ્રી અજીતભાઈ ગોવિંદજી મોમાયાએ મુંબઈની "અનંતછાયા"ની જગ્યા ન વેંચાય તેની તકેદારી રાખવા સૂચન કરેલ, જેમાં અન્ય હાજર જ્ઞાતિજનોએ પણ સમર્થનનો સૂર પુરાવ્યો. શ્રી વિસ્રેન કલ્યાણજી ખોનાએ કોચીન કે દેશાવળની જીવનશૈલી સુખ શાંતિમય હોવા છતાં દેશાવળવાસીઓ સગપણ સમસ્યા અનુભવે છે આ વિષયે સમસ્ત મહાજને યોગ્ય પગલાં લેવા જોઈએ. સભાના અંતમાં આભારવિધિ બાદ પ્રીતીભોજન લઈ સૌ છુટા પડ્યા.

## "કચ્છ-અર્પણ"-વડોદરા

"કચ્છ-અર્પણ" જુનમાં બહાર પડેલ છે. બાળપણાંની નાજુક અને કોમળ નજાકતને કલામય મુખપૃષ્ઠ પર માંડવીનાં સતીશ શનીશ્વરાએ ખૂબીથી કેમેરામાં કેદ કરેલ છે. તેમાં કવિ દુલેરાય કારાણીની એક રચનાની બે પંક્તિઓ મૂકાયેલ છે તે તસ્વીરને અનુરૂપ છે.

આ અંકમાં "કચ્છનો પ્રથમ એફ.એમ.રેડીયો સ્ટેશન"ની વાર્તા છે. હાલમાં શરૂ થયેલ આ રેડીયો સ્ટેશન "કચ્છ મહિલા વિકાસ સંગઠન"ની મહેનતનું ફળ છે. "ધુંધળુ થતું કચ્છનું વન્ય જીવન" શ્રી દેવેશ ગઢવી કચ્છનાં પશુ-પક્ષીઓની હાલની પરીસ્થિતિની જાણ કરાવે છે. શ્રી આશર માતાનાં ધામની વાત નારાયણ શનીશ્વરા, શીવજી મોઢ "પીયાવો", કચ્છી વાર્તા ડૉ. વિસન નાગડાની કોલમ, હેડકી બહેન..." માં ડો. ગિરીશ વીછીવોરાની કમાલ, "દાળનાં કમંડળ" માં ડો. ગુલાબ દેઢીયા મહાજનવાડીનાં જુના જમણોની યાદ અપાવે છે. ઉપરાંત કવિ "તેજ"ની કચ્છી રચના "ટીટોડી ટહુકા કરે" નો ગુજરાતી અનુવાદ, "આપણી વિરાસતો"માં પ્રમોદ જેઠી "તેરાનાં ગઢ" વિષે, વ્યક્તિ વિકાસમાં ઈન્ફોસીસનાં નારાયણ મૂર્તિનો વેધક લેખ, કાર્ટુન કોર્નરમાં દેવનાગરીમાં કચ્છી લખવાનો પ્રયોગ છે. ઉપરાંત વતનનાં વાવડ, આપણી વેબસાઈટો, કીચન કોર્નર પણ ધ્યાન ખેંચે છે. "કચ્છ પુસ્તક મેળો"માં કચ્છી લેખકોનાં પુસ્તકો ઘેર બેઠા મેળવવા માટે ફોન : 09377124582 અથવા kutchmail@yahoo.com પરથી પ્રાપ્ત કરવાની માહિતી અપાયેલ છે.

## સખીવૃંદ પુના

સખીવૃંદની બેઠક તા.૩૦-૬-૧૨ના નલીનીબેન લાપસીયાના ઘરે યોજાયેલ. નવકારમંત્રના પઠન બાદ લગ્ન પ્રસંગે આણાની કલાત્મક સજાવટ કરી તેનું પ્રત્યક્ષીકરણ દાખવવા મુંબઈથી હીનાબેન મૈશેરી પધારેલ. નવપરણિતા માટે સાસુઓને પગે લાગવા માટે અપાતી સોપારીઓને વિવિધ રીતે કેમ શણગારવી, એનું પ્રત્યક્ષીકરણ પણ દાખવેલ.

નલીનીબેને સોપારીના મહિમા વિષે કહેલ. સોપારીનું દરેક શુભ પ્રસંગે મહત્વ છે. દીકરીને ચાર પ્રસંગે સોપારીઓ અપાય છે એનો પણ ઉલ્લેખ કરેલ. ત્યારબાદ હીનાબેને સોપારીને વિવિધ રંગોમાં કે મોતીથી શણગારીને એમાંથી ચાવીનો ઝુડો બનાવતા શીખવેલ. એ માટે તેમની આગવી શૈલીથી રજૂઆત કરી. ભેટ ચાંદલામાં રોકડા રૂપિયાની નોટ ઓરીગામી (પેપર ફોલ્ડીંગ)ની વિવિધરીતે આકાર કરી બતાવ્યા. જેમાં ઢીંગલીનું ફ્રોક, પુષ્પગુચ્છ તથા બીજી અનેક વસ્તુનાં આકાર બનાવી શકાય. આણા સજાવટની વિવિધ વસ્તુઓ સાથે લાવ્યા હતા, બધી બહેનોને તે જોવાનો લાભ મળ્યો.

તેમણે સોપારી સજાવતાં શીખવાડ્યું. પ્લાયને નાગરવેલના પાનનો આકાર આપી તેને લીલા રંગે રંગી, સોપારીને મોતીથી શણગારી ફૂલ જેવું બનાવ્યું. તૈયાર લેધરના ફૂલ અને પાનનો ઉપયોગ કરી પુષ્પગુચ્છ બનાવી, મોટા પાન પર ગુચ્છ ચોંટાડીને સુંદર "કી હોલ્ડર" બનાવતા શીખવાડ્યું.

રીટાબેન ભાટેએ સોપારીને લાલ રંગથી રંગી, લાલ સ્ટોકીંગનો ઉપયોગ કરી સ્ટ્રોબેરી બનાવી. પ્લાસ્ટીકના નાના પાન અને ક્રોશ્યાથી ગૂંથીને ડાળી બનાવી "કી ચેઈન" બનાવવાનું ડેમોથી શીખવેલ.

આ વખતે Beauty Pageant માં Mrs. Creative સ્પર્ધામાં બહેનોએ આણા સજાવટની વસ્તુઓ બનાવી લાવેલ. દરેક રજુઆત કલાત્મક અને સુશોભિત હતી જેમાં મીનલબેન દંડ તથા રીટાબેન ભાટેને Mrs. Creative નો ખિતાબ અપાયેલ. મંડળ વતી વંદના ધરમશીએ આભાર માનેલ.

## વસતીપત્રક સમિતિની નવી વેબસાઇટ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિની વસતીપત્રક સંબંધી નવી વેબ સાઇટ www.kdovastipatrak.net છે. જ્ઞાતિજનો એના દ્વારા માહિતી મેળવી શકે છે.

## શ્રી મુકેશ ભવાનજી લોડાયા

શ્રી મુકેશ ભવાનજી લોડાયા (મોટીસિંધોડી-ઘાટકોપર) રાજકીય ક્ષેત્રે રાષ્ટ્રવાદી કોંગ્રેસના વ્યાપાર-ઉદ્યોગ વિભાગનાં ઇશાન મુંબઈના પ્રમુખપદે ચુંટાયા છે. આ નિમણુંક બદલ અભિનંદન.. એમના વિભાગ દ્વારા તા.૫-૭-૧૨નાં સાંજે ઘાટકોપરમાં એક વિશેષ કાર્યક્રમમાં પ્રતિભાવંત વ્યક્તિવિશેષોના સન્માન કરવામાં આવેલ.

## પૂ. સાધ્વીજીઓનો જલગામમાં નગર પ્રવેશ

અચલગચ્છાધિપતિ પુ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિ મ.સા.ના આજ્ઞાનુવર્તીની સા. જયદર્શિતાશ્રીજી મ.સા. આ.ઠા.૨નો જલગામમાં નગરપ્રવેશ તા.૨૪ જુનના વાજતે ગાજતે મહાવીર સોસાયટીથી કરવામાં આવ્યો. પૂજ્યશ્રી શ્રી ભરત કુલિનકાંત લોડાયાના નુતન બંગલામાં રોકાયેલા.. ત્યાથી સવારના મહાવીર સોસાયટીમાં પધાર્યા. અજિત છાજેડની વિનંતીથી એમના ઘર દેરાસરમાં દર્શનાદિ કરીને ત્યાંજ ઉપાશ્રયમાં પધાર્યા. તેમના તરફથી સકળ સંઘની નવકારશી રાખવામાં આવેલ. સહુએ લાભ આપ્યો. જ્યાંથી વાજતે ગાજતે પૂજ્યશ્રી ધર્મનાથ જિનાલયે પધાર્યા.. માર્ગમાં શ્રી ચંદ્રકાન્ત લાપસીયાએ ગુરૂપૂજન, સંઘપૂજન તથા સંઘભક્તિનો સુંદર લાભ લીધેલ. ધર્મનાથ જિનાલયે પૂજ્યશ્રીની ત્રણ દિવસ સ્થિરતા અને વ્યાખ્યાન થયા. સહુએ સારી સંખ્યામાં લાભ લીધો. વ્યાખ્યાન પછી પ્રભાવનાનો લાભ શ્રી ધનપતિ કુંવરજી મોમાયા (બારોઈ)એ લીધો.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

ટ્રસ્ટની પ્રવૃતિમાં દર બુધવારે ગરીબોને ભોજન કરાવવા માટેના દાતાઓ : શુશીલાબેન કાંતિલાલ ખોના (મુલુન્ડ), દયમંતીબેન ચાંપશી લોડાયા (ઘાટકોપર), દિનેશ ઉમરશી ધરમશી (સુથરી), આનંદ વસંત પોલડીયા, જયશ્રીબેન અને નિર્મલાબેન (ઔરંગાબાદ), એક સદ્‌ગૃહસ્થ, કુંવરબાઈ ખેતશી નાગડા હ. જેવંતીબેન (ખંડવા), મુકેશ જે. નાગડા (મુલુંડ), જયંતીલાલ નથુભાઈ લાપસિયા હ. ભારતીબેન (મુલુંડ), પન્ના જયંતિલાલ દંડ (મુંબઈ), હર્ષા વિપુલ દંડ (અમલનેર), બાંયાબાઈ નથુભાઈ લાપસિયા હ. ભારતીબેન (મુલુંડ)


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404


## વડોદરામાં પખાવાજ ગાજ્યા

પ્ર.સ.ના માધ્યમે જાણીતી ઝાંઝપખા વાદનકલા વિસ્મૃતિના આરે હોઈ તેને નવી પેઢી માટે ધબકતી રાખવા જ્ઞાતિના કલારસીકોને શ્રી લહેરચંદ વી. મૈશેરીએ અપીલ કરતા વડોદરા સમાજના પીડબળે શ્રી શાંતિલાલ કલ્યાણજી લોડાયા (તેરા)એ ભેઠ બાંધી પખાવાજ તથા તેના લય તાલે ગવાતાં ગીતોનું સંકલન કરી કલ્યાણ સૂરસંગમ નામે પુસ્તક પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.ના હાથે વિમોચન કરાયું અને ત્યાં ઉપસ્થિત ઝાંઝપખા રસીયાઓને ભેટ અપાયું. કચ્છી નવા વરસે બપોરના મા. રતનબાઈ કાંતિલાલ મોતા તરફથી પંચકલ્યાણક પૂજા હારમોનીયમ, તબલા અને ઝાંઝપખાના સંગાથે ભાવથી ભણાવાઈ. સાંજે શ્રી ઘણીબાવાનો પાઠ શ્રી રતીલાલ પનપારીયાએ માંડ્યો. પાઠમાં સકળી શ્રી સંઘે પ્રસાદનો લાભ લીધો. રાત્રે જ્ઞાતિની વિસારે પડતી વિરાસત સમા પખાવાજ સાથે ભાવના ભમાવતાં જ્ઞાતિના અસલ સંભારણા તાજા થયા. ભાવના પખાવાજ ગીતોથી શરૂ થઈને પ્રભાતના પ્રભાતીયાં સુધી ચાલી. વચ્ચે ભાવનામાં ઝાંઝપખા વગાડતા-ગાતા સૌ વડીલોને યાદ કરી શ્રધ્ધાંજલી અપાઈ.

"કલ્યાણ સૂર સંગમ" પુસ્તકના વિમોચને પૂ. યતીશ્રીના નિરામય સ્વાસ્થ્ય અને ઓપરેશન માટે શુભેચ્છા સહ પ્રાર્થના કરાઈ. તેઓશ્રીનું શાલ, હાર અને શ્રીફળ દ્વારા લોડાયા પરિવાર તરફથી ગૌરવ કરાયું. યતીશ્રીએ જાંઝપખા કલાને સજીવન કરતા લોડાયા પરિવારની અનુમોદના કરી.

મુંબઈથી પખાવાજ કલાના મોભી શ્રી મુરજી નરશ લોડાયા પટેલ (કોઠારા) પધારતાં તેઓશ્રીનું પખાવાજ મંડળીએ ઉચિત સન્માન કરેલ. પટેલ ગળગળા સાદે પખાવાજનો ઈતિહાસ કહી જૂના મિત્રોને યાદ કરી સંસ્મરણો વાગોળ્યા અને શુભેચ્છા આપી.

વડોદરા સંઘના અગ્રણી શ્રી ઠાકરશીભાઈ પનપારીયાની સેવાકીય પ્રવૃતિઓને રજુ કરી લોડાયા પરિવાર તરફથી ગૌરવ કરાયું.

ઝાંઝપખાના સાદને પ્રતિસાદ આપતાં શ્રી શાંતિલાલભાઈનું શ્રી લહેરચંદ વેલજી મૈશેરીએ શાલ, હાર, શ્રીફળ અને મોમેન્ટો આપી સન્માન કર્યું તેમજ પખાવાજ કલાની જાગૃતિ અને યોગદાન માટે અનુમોદના કરી.

શ્રી ચંદ્રકાંત ખોનાએ આ પ્રસંગે સૌને કચ્છી લ્હેકાએ ખુશ કરી પૂજા, ભાવના અને વિમોચને સુત્ર સંચાલન કર્યું.

આ પ્રસંગે મલાડથી મુરજીભાઈ, ભાંડૂપથી લહેરચંદ મૈશેરી, તેરાથી નરશીભાઈ, રમેશભાઈ નાગડા, અનીલભાઈ,

વરાડીયાથી દેવેન્દ્ર પટેલ, આદીપુરથી નવીન મૈશેરી શાંતિલાલ લાલકા, અંકલેશ્વરથી ચીમનભાઈ દંડ, અંજલ રેલડીયાથી નારાણજીભાઈ દંડ, આનંદથી કિશોર લોડાયા અને મુલચંદ દંડ પુસ્તકના મુદ્રણકર્તા વી. ક્રાફ્ટના શ્રી નવીન પટેલ તેમજ સ્થાનીકોમાં સોમચંદભાઈ, હીરજીભાઈ, ચંદ્રકાંત ખોના વગેરે હાજર હતા દર વરસે એકવાર અલગ અલગ સ્થાને ફક્ત પખાવાજ માટે જવા નક્કી કર્યું. લોડાયા પરિવારે પધારેલ સૌ મહેમાનોની સુંદર સરભરા કરી.

### ભાવનગર કચ્છ સમાજ

સમાજ દ્વારા તા.૨૧-૬-૧૨ના સમાજના સભાગૃહમાં વાર્ષિક સામાન્ય સભા તથા નૂતન વર્ષની ભવ્ય ઉજવણી થઈ.

આ પ્રસંગે આશાપુરા માના મંદિરે નૂતન ચડાવાઈ. સાંજે કાર્યક્રમમાં કચ્છી કલા પ્રદર્શનની માહિતી દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવાઈ. દીપપ્રાક્ટય કરી, ફેન્સી ડ્રેસ, વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.. તેજસ્વી વિદ્યાર્થીઓને વિશિષ્ટ સિધ્ધી બદલ ઇનામ આપી પ્રોત્સાહીત કરાયા..

વાર્ષિક સામાન્ય સભામાં માનદમંત્રીશ્રી ડો. ઇન્દ્ર ગઢવીએ સમાજનો વાર્ષિક અહેવાલ રજુ કરેલ. ખજાનચી શ્રી જીતેન્દ્રભાઈ શાહે વાર્ષિક હિસાબો રજુ કર્યા. પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ શાહે સમાજની પ્રવૃતિની રજુઆત કરી.. કચ્છી કલા પ્રદર્શનથી થતા લાભની વિગત રજુ કરી. યુવા પેઢીને આગળ આવવા અનુરોધ કર્યો. પ્રાસંગિક વક્તવ્યો થયા. આ પ્રસંગે અગ્રણી મહાનુભાવોએ હાજરી આપી હતી. વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઇનામ અપાયા.. અંતે આરતી, ભોજન અને મેઘલાડુ કાર્યક્રમ રહેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળ દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભાવના તા.૨૯-૭-૧૨ રાતે ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રહેશે. જેનો લાભ શ્રી મુલચંદ વેલજી પાસડ (કોટડારોહા) પરિવારે લીધેલ છે. ઓગસ્ટની ભાવના શ્રી ટીવેશ દિનેશ ધરમશી (સાંધાણ) તરફથી તા.૨૬-૮-૧૨ના છે.

### રાપરગઢવારી-નાનીસિંધોડી

સખી મંડળ દ્વારા સભ્યોને તા.૫-૭-૧૨ના "ઈશ્વર ઈશ્વર રમીએ" ગુજરાતી નાટક કાલીદાસ હોલમાં બતાવવામાં આવેલ..

રાપરગઢવારી-નાનીસિંધોડી ગામવાસી તથા નીયાણી બહેનો માટે હૈદ્રાબાદ કુલપાકજી તિર્થની ચૈત્ય પરિપાટી યોજાશે. જેમાં તા.૨૭-૮-૧૨ના નીકળી તા.૧-૧૦-૧૨ પરત આવશે. નામ નોંધાવવા સંપર્ક : ૯૧૬૭૪૯૫૯૫૩

### શ્રી ભલારાદાદા ભાવિક ગ્રુપ-વરંડી મોટી

શ્રી ભલારાદાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીને મોટી વરંડી સ્થાનકે નમતા સર્વે ભાવિકો દ્વારા ધ્વજા મહોત્સવ તા.૧૭-૧૨-૧૨ના વિજય મુર્હુતે ઉજવાશે ધ્વજાનો આદેશ શ્રી રતનશી તેજપાર લોડાયા પરિવાર (વરાડીયા) એ લીધેલ છે. ઇચ્છુકોએ તા.૧૫-૧૨-૨ની કચ્છ એક્સપ્રેસની ટીકીટ બુકીંગ કરાવી લેવા જણાવાયું છે. સંપર્ક : શ્રી મણિલાલ ડી. શાહ-9322276296, રમેશ હીરજી લોડાયા-9892003940, અનિષ દિનેશ લોડાયા-9833511685

### જામનગરમાં અષાઢી બીજની ઉજવણી

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહિલાવૃંદ દર મહિને સભ્યો મળીને વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરે છે.

અષાઢી બીજે મહિલાવૃંદની બેઠક શ્રીમતિ પુષ્પાબેન વિજય વોરાના ઘરે મળી.. સારી સંખ્યામાં સભ્યો પધારેલ. સૌનું કુમકુમ તિલક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરાયેલ. ઘરેથી મોતીની બનાવેલ વસ્તુ તથા ઇન્દ્રધનુષ્ય કલરની સાડી અથવા ડ્રેસ વસ્ત્ર પરિધાનની હરીફાઈ રાખવામાં આવેલ. કવીઝ તથા પેપર ગેઈમ રમાડેલ. વિજેતાઓને ઇનામો આપવામાં આવેલ. હરીફાઈઓના નિર્ણાયક સુ. શ્રી કોકીલાબેન લોડાયા તથા સં.સ્વ. જયાબેન ખોના ઉપસ્થિત રહી સેવા આપેલ.

મહિલાવૃંદની ટીમની જહેમતથી સફળ કાર્યક્રમ રહેલ. મીટીંગનું સૌજન્ય શ્રીમતિ પુષ્પાબેન વોરા તરફથી હતું.

### મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-નાગપૂર

મંચની સભા તા.૨૬-૬-૧૨ના સૌ. સુમતિ હરીશ લોડાયાના ઘરે સૌ. પુનમ પ્રફુલ મોમાયાની અધ્યક્ષતામાં નવકારમંત્રના પઠન સાથે શરૂ થઈ. અત્રે ગૃહઉદ્યોગ શરૂ કરવા ચર્ચા વિચારણા થઈ. અલ્પાહારનો લાભ લઈને સહુ છુટા પડયા હતા..

### નાગપૂરમાં મહાકાળીમાતાની ભાવના

દર આઠમના થતી મહાકાળી માની ભાવના તા.૨૬-૬ના શ્રી હરીશ પદમશી લોડાયાના ઘરે એમના પુત્રની સગાઈની ખુશીમાં ભણાવાઈ.

બહેનોએ ભાવનામાં રમઝટ જમાવી પ્રસાદનો લાભ લઈને સહુ છુટા પડ્યા..

### બેંગ્લોરમાં શાનદાર ચાતુર્માસ પ્રવેશ

સૂરિ ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરિની કૃપા-આજ્ઞા આશિષે ગણિશ્રી મહોદયસાગરજી મ.ના શિષ્ય, પ્રવચન પ્રભાવક મુનિશ્રી દેવરત્નસાગરજી-તીર્થરત્ન-દેવરક્ષિત તત્વરક્ષિત

મેઘરક્ષિત-ચૈત્યરક્ષિતસાગરજી ઠા-૬તેમજ પૂ.સા.શ્રી પ્રજ્ઞપ્રિયશાશ્રીજી ઠા.૨ નો ચાતુર્માસ પ્રવે ભવ્યતાથી જયનગરના ધર્મનાથ જિનાલયે થયો.. હુબલી-ગદગ-બાગલકોટ-લોકાપુર-ચિત્રદુર્ગ-કોઈમ્બતુરથી ભાવિકો સંઘરૂપે પધારી શોભા વધારી.. દશા, વીશા અને મેવાડ-રાજસ્થાન અચલગચ્છ પરિવારોએ શાન વધારી.. રોઝ ગાર્ડનથી સ્વાગત યાત્રા આરંભ થઈ. જયનગર રત્નપુરીમાં તા.૨૭-૬ના સવારના ૯.૩૦ વાગ્યે પ્રવેશ થયો.. કોઈમ્બતુર સંઘે આગામી ચોમાસા કાજે અને સંઘ જિનાલયની પ્રતિષ્ઠાની વિનંતી કરી.. રાજસ્થાન શ્વે. સંઘે સ્વાગત પ્રવચન કર્યું. મુ.શ્રી દેવરત્નસાગરજીએ "ચેક કરો-ચેન્જ કરો અને ચેલેન્જનો સ્વીકાર કરો" આ ત્રણ તત્વો દાખલા આપી સમજાવ્યા. સમૂહ ધર્મચક્ર તપ તા.૧૦-૭થી પ્રારંભ થશે અને સમૂહ માસક્ષમણ તા.૧૧-૮થી પ્રારંભ થશે. છ રવિવારીય શિબિરની જાણકારી અપાઈ. ૭ છોળનું ઉધ્યાપન અને બપોરે ૨૦ સ્થાનક પૂજન ભણાવાયું. સાંજે મુનિશ્રીએ માતૃ-પિતૃ વંદના કરાવી..

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગદગ

તા.૨૪-૬-૧૨ના કચ્છી નૂતનવર્ષ નિમિત્તે મહાજનશ્રી તરફથી મનોજ મહેતા ફાર્મહાઉસમાં પિકનિક યોજાયેલ. ૧૦-૩૦ વાગે ચા-બિસ્કિટ અલ્પાહાર બાદ સામાન્ય જ્ઞાનની પ્રશ્નોત્તરી, હાઉઝી વગેરે રમતો રમાડવામાં આવી.. ત્યારબાદ બપોરે શા. પાશ્વીર પૂંજાભાઈ તરફથી ભોજન કર્યું. જમણ બાદ મહાજનનાં પ્રમુખ ડૉ. પ્રદીપ સોમચંદ ખોનાએ વાહનની વ્યવસ્થા કરી આપવા બદલ શ્રી પંકજ વીરજી ગાલાનો તથા કાર્યક્રમમાં સાથ સહકાર આપનાર સર્વેનો આભાર માન્યો.. સેક્રેટરી શ્રી જીતેન્દ્ર પટેલે તેમને પુષ્પગુચ્છ અર્પણ કર્યા.. પર્યુષણ પર્વની વ્યવસ્થા જવાબદારી માટે કાર્યકરો શ્રીમતી મીના અને શ્રી રાજેશ છેડા તથા શ્રીમતી રચના અને શ્રી ગુંજન ગાલાને પુષ્પગુચ્છ આવકારી ધન્યવાદ આપ્યાં હતા.. આ પિકનિકમાં ૧૫૦ જણાએ ભાગ લીધેલ..

તા.૨૫-૬-૧૨ના સાંજના શ્રી પાર્શ્વ કે.ડી.ઓ. હૉલમાં મહાજનશ્રી તરફથી Laugher the Best Medicine હાસ્યથી સ્વાસ્થ્ય જાળવો વિષયે કાર્યક્રમ રાખવામાં આવેલ.. આ કાર્યક્રમ આપવા શાળાના ભૂતપૂર્વ વિદ્યાથી શ્રી નિતિન રતિલાલ લોડાયા કોઈમ્બતુરથી પધારેલ તેમણે સતત સવા કલાક સુધી આ વિષય ઉપર અસ્ખલિતપણે શુદ્ધ સરળ ગુજરાતીમાં સુંદર શૈલીમાં તથા કેટલીક કસરતોના ડેમોન્સ્ટ્રેશન સાથે કાર્યક્રમ રજૂ કરેલ.. મહાજનશ્રીનાં જોઈન્ટ સેક્રેટરી શ્રી સુધીર જવેરચંદ સોનીએ શ્રી નિતિનભાઈનો પરિચય આપેલ.. કાર્યક્રમનું સંચાલન તથા આભારદર્શન ઉપપ્રમુખ શ્રી વિજય પ્રવીણચંદ લુઠીયાએ કરેલ.. પ્રમુખ ડૉ. પ્રદીપ સોમચંદ ખોના તથા સેક્રેટરી શ્રી જીતેન્દ્ર પટેલે તેમનું પુષ્પગુચ્છ સ્મૃતિચિહ્ન આપી બહુમાન કરેલ..

## વડાલામાં ચાતુર્માસ આરાધના

અત્રે પૂ.સા.ગુણમાલાશ્રીજી મ.સા.આ.ઠા.૩ ચાર્તુમાસ દરમ્યાન ગ્રંથ અને ચરિત્રનું વાંચન કરશે. શ્રી ધર્મબિન્દુ ગ્રંથ તથા સમરાદિત્ય ચારિત્ર તા.૨૩-૬-૧૨ના પૂજ્યશ્રીને વહોરાવવાનું લાભ અનુક્રમે શ્રી ભાણજી મેઘજી લોડાયા (દલતુંગી) પરિવાર તથા શ્રીમતી મંજુલાબેન લીલાધર (માપર) પરિવારે ઉછામણી બોલી લીધેલ.. જ્યારે પૂ. ગુરૂપૂજનનો લાભ પ્રવેશના દિવસે માતુશ્રી કેસરબાઈ ભુલાભાઈ ગાલા પરિવારે લીધેલ.. બાદ પાંચ જ્ઞાનપૂજાઓના ચડાવા થયા.. રૂા.૭નું સંઘપૂજન થયેલ.. આ પ્રસંગે શ્રી સંઘના ભાઈબહેનો બહોળી સંખ્યામાં હાજર રહેલ..

## શ્રી છતીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડલ-રાયપુર

અત્રે યુવા મંડળ દ્વારા ૧-૭-૧૨ના શ્રી કુંથુનાથ હૉલમાં કચ્છી નવા વર્ષની ઉજવણી થયેલ. કાર્યક્રમના અતિથિવિશેષ શ્રી ઉમરશી દેવજી મૈશેરી તથા કિશોર મેઘજી મોતા પધારેલ.. એ સાથે મંચપર સંઘ પ્રમુખ તરૂણ લોડાયા, કચ્છી જૈન સંઘ પ્રમુખ ઉત્તમ મૈશેરી, એકમ પ્રમુખ ચંદ્રેશ છેડા તથા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ મંજુલાબેન જીવાણી ઉપસ્થિત હતા.. ઢોલ-શરણાઈ સુરથી સ્વાગત કરાયું. છબીઓને હારારોપણ અને દીપ પ્રજ્વલન બાદ બધા અતિથીઓનું માળા, તિલક, દુપટ્ટા અને યાદગીરી ભેટ આપી બહુમાન કરાયેલ..

નવા વર્ષની પરસ્પર શુભેચ્છાઓ અપાઈ. મંડળના પ્રમુખશ્રી ભાવિક શાહે પ્રાસંગિક ઉદ્બોધન કરેલ.. સન્માનમાં શ્રી ખીમજી નેણશી મોતા, ભાટાપારા માતુશ્રી સુશીલાબેન વીરચંદ વિકમશી-રાયપુર, શ્રી લક્ષ્મીચંદ કરમશી લોડાયા-ધમતરીનું બહુમાન કરવામાં આવેલ.. વડીલોએ યુવા મંડલને આશિર્વચન આપેલ..

વર્ષ ૨૦૧૧-૧૨ના સર્વશ્રેષ્ઠ યુવા કાર્યકરના નામની ઘોષણા ચંદ્રેશ વી. શાહે કરેલ જેમાં આ વરસે સૌ. દીપા નયન છેડા અને સૌ. શ્વેતા હિતેન્દ્ર લોડાયા બન્નેને અતિથિઓના હસ્તે પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ..

શ્રીમદ રાજચંદ્ર આશ્રમથી અર્હંટચ ક્લાસેસની માહિતી આપવા કાર્યકર પધારેલ.. તેમણે એ વિષય પર જાણકારી આપેલ.. એમનું બહુમાન કરવામાં આવેલ..

શ્રીમતિ સુનયના અમિત મૈશેરી દ્વારા કુ. દિપા મોમાયા,

કુ. નમ્રતા છેડા, કુ. ખુશ્બુ લાલકા, કુ. ખુશી લોડાયા, કુ. સોનિયા લોડાયાને સુંદર ગણેશ વંદના શિખવાડવામાં આવેલ. એ પ્રસ્તુતીને બધાએ તાળીઓથી વધાવેલ.

કાર્યક્રમ દરમ્યાન વિભિન્ન હરિફાઈઓ યોજાઈ. જેના વિજેતાઓને ઈનામ અપાયેલ. અંતે કચ્છી જમણનો લાભ લઈ સૌ છુટા પડ્યા. કાર્યક્રમનું સુંદર સંચાલન મિલન ઉત્તમ મૈશેરી તથા આભારવિધિ નયન છેડાએ કરેલ. સ્પર્ધા વિજેતાઓ : એસ્ટેમ્પરમાં ૧. કૃષ્ણા દિપેશ લાલકા, ૨. દિશા ચેતન છેડા, કવિતામાં ૧. ભક્તિ સચિન મોમાયા, ૨. દિશા ચેતન છેડા, ફેશન શૉમાં એ ગ્રુપમાં વિધિ હિતેશ મોમાયા, ભક્તિ સચિન મોમાયા, બી ગ્રુપમાં ૧. સોનિયા હિતેન્દ્ર લોડાયા, ૨. વંશિકા ભૂપેશ મોતા (ભાટાપારા), વાનગી સ્પર્ધામાં ૧. સૌ. સુનયના અમિત મૈશેરી, ૨. ચંપાબેન હિરાચંદ મૈશેરી, મોકટેલમાં ૧. સૌ. દિપા નયન છેડા, ૨. સૌ. સેજલ હિતેશ શિયાડ, કપલ ગેમમાં : ૧. શ્વેતા હિતેન્દ્ર લોડાયા, . રાજુલ મુકેશ દંડ-ભિલાઈ, પંજા લડાઓમાં (બધા ગ્રુપમાં પ્રથમ-દ્વિતીય), કરણ, દિપક નાગડા, નમ્રતા ચેતન છેડા, નીતા દિપક નાગડા, શ્વેતા હિતેન્દ્ર લોડાયા, મંજુલા કુલિન જીવાણી, મીના ઉત્તમ મૈશેરી, સચિન શરદ મોમાયા, ડૉ. કેતન અશોક શાહ, દિનેશ ડુંગરશી મોમાયા

બેસ્ટ કચ્છી ડ્રેસ સ્પર્ધામાં : સૌ. પ્રિતિ પ્રવિણ મૈશેરી, સૌ. પ્રવિણા સતીસ છેડા

આ કાર્યક્રમ માટે સૌ. સુનયના મૈશેરી, સૌ. ગીતા લાલકા, સૌ. કાજલ શાહ, સૌ. કોમલ નાગડા, સૌ. પુજા મોમાયાએ વિશેષ જહેમત લીધી.

દર માસના બીજા રવિવારે સ્નાત્ર મહોત્સવ ઉજવાય છે. તા.૮-૭-૧૨ ખુબ સુંદર સ્નાત્ર મહોત્સવ કરેલ. નવકારશીના લાભાર્થી માતુશ્રી ચંપાબાઈ ઉમરશી શિયાડ પરિવાર (ધમતરી) હતા. કુલ ૪૦ જણાંએ ભાગ લીધેલ.

## નાંદેડમાં ધર્મ આરાધના

પુ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસ ધર્મઆરાધના શરૂ થઈ છે. રોજ સવારે ૯ વાગે વ્યાખ્યાનમાં ધર્માધિકારે ઉપદેશમાળા સૂત્ર અને ચરિત્રાધીકારે પુષ્પવતી સૂત્ર વાંચન ચાલુ છે. સારી સંખ્યામાં ભાવિકો લાભ લે છે. તા.૯-૭ થી શ્રી ગૌતમલબ્ધીતપ પ્રારંભ થયેલ છે. જેમાં ૨૮ તપસ્વીઓ અને તા.૧૦-૭થી ભક્તામરતપ ચાલુ થયેલ છે જેમાં ૯ જણા જોડાયા છે.

રવિવારે બાળકોની શીબીર ૧૦.૩૦ વાગે હોય છે. પ્રથમ શીબીરના દાતા શ્રી બીપીન પ્રેમચંદ મોતા હતા. ૩૦ બાળકો જોડાયા તેમને પેન-પેન્સીલના પાઉચ ભેટ અપાયા. ગુરૂવારનાં બપોરે ૩ થી ૪ શ્રાવિકા શીબીર હતી. બાર્શીવાળા પરિવારના અકસ્માતે અવસાન પામેલ સૌને સંઘતરફથી શ્રદ્ધાંજલી અપાઈ.

## સાભાર સ્વીકાર

રાયપુરથી પ્રગટ થતું હિન્દી માસિક "તત્પર" સંપાદક : મહેન્દ્રસિંહ પવાર. છત્તીસગઢ વિભાગના સંચાલક શ્રી. પ્રવીણ મૈશેરી દ્વારા એપ્રિલ, મે અને જુન ૧૨ના ત્રણ અંકો મળ્યા છે. એપ્રિલના અંકમાં સંઘની પ્રવૃતિઓની માહિતી ઉપરાંત રાષ્ટ્ર, સમાજ અને જનહિતને લગતા વિવિધ પ્રશ્નોની તલસ્પર્શી છણાવટ કરવા વિવિધ લેખો, જ્યારે મે અને જુનના અંકોમાં "મહિલાંઓકી સ્થિતિ દમનીય" અને "જલ કહ રહા હૈ બચાઓ" જેવા અતિ મહત્વના વિષયોને જ અગ્રિમ લેખ સ્વરૂપે લઈને સમગ્ર અંકોને તે તે વિષય પર સમર્પિત કર્યા છે.

આ માટે સંપાદકશ્રીએ લીધેલ જહેમત ખરેખર પ્રશંસનીય છે. સુંદર અને સુઘડ છપાઈકામથી પ્રકાશનને વિશિષ્ટ ઓપ આપ્યો છે. સાભાર સ્વીકાર.

## પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરી આ.ઠા.નો ચાતુર્માસ પ્રવેશ

પૂ. ગુરૂદેવ આ.શ્રી ગુણસાગરસુરીજીના જન્મ શતાબ્દિ વર્ષે તથા ક્રિયોધ્ધારક પૂ. દાદાગુરૂ આર્યરક્ષિતસુરી અને અચલગચ્છ સમાચારી પ્રવર્તનના નવમ શતાબ્દિ વર્ષે સાહિત્યદિવાકર પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.નું ચાતુર્માસ ભવ્ય પ્રવેશ જોગેશ્વરી અચલગચ્છ સંઘમાં સકલ સંઘની હજારો ભાવિકોની પ્રચંડ સખ્યામાં હાજરી વચ્ચે વાજતે ગાજતે થયો.

પૂજ્યશ્રીએ સંઘ ચૈત્યવંદન કરાવી ઉપાશ્રયે માંગલિક વ્યાખ્યાન ફરમાવેલ અને આ વર્ષે વિશિષ્ટ ગુરૂભક્તિ અવસરની ઉજવણી હોઈ વિવિધ પ્રકારે સ્મરણ કાર્યક્રમો ગોઠવી સંઘબળ વધારવા માર્ગદર્શન કરેલ. આ પ્રસંગે સંઘના અતિથીવિશેષો-અગ્રણીઓના બહુમાન થયા. દૈનિક પ્રવચન અને સપ્ત રવિવારીય જીવન શણગાર યુવા શિબિર તથા સૌને માટે જાહેર પ્રવચનો પણ ગોઠવાયા છે.

પૂ. દાદા ગુરૂની ૯૩૨મી જન્મતિથી ૨૭ જુલાઈના આવે છે તે નિમિતે સમુહ અઠ્ઠમ તપ આરાધના અનુષ્ઠાન યોજાયેલ છે. ભારતભરમાં આ તેલા તપમાં જોડાવવા અનુરોધ છે. તા.૨૫ થી ૨૮-૭ દરમ્યાન ક્યારે પણ અઠ્ઠમતપ આરાધી પૂજ્ય ગુરૂદેવને તપાંજલિ અર્પીએ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ખામગામ

પૂ. ગચ્છાધિપતીશ્રીનાં આજ્ઞાવર્તીની પૂ.સા.શ્રી વિજયપૂર્ણાશ્રી મ.સા.આ.ઠા..૩નું ચાર્તુમાસ ખામગામ નગરે પ્રાપ્ત થયેલ છે. ખામગામના સર્વે બહેનો અને નીયાણી બહેનોને તા.૧૪ થી ૨૨-૮-૧૨ સુધી પર્યુષણ પર્વ ઉજવણી અને ધર્મ આરાધનામાં જોડાવવા આમંત્રણ અપાયું છે. પધારનાર સર્વેની રહેવાની તથા ભોજનની વ્યવસ્થા શ્રી સંઘ તરફથી રહેશે. તા.૫-૭-૧૨થી ૨૪ તીર્થંકર જન્મ કલ્યાણક તપ શરૂ કરાયું છે.

## વર્ધમાન નગરે નવકારમંત્ર પૂજન

સળંગ ૪૪ વરસીતપના આરાધક તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા. તથા આ.ઠા.ની નિશ્રામાં અને નવકારમંત્ર પૂજન વિશાલ ઉપસ્થિતિમાં યોજાયું.

માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા હસ્તે જ્યોતિબેન ગીરીશ છેડા, સૌ. હર્ષાબેન રાજેન્દ્ર લાલકા (બાંઢીયા), તથા સૌ. નિર્મળાબેન ચંદ્રકાંત દેઢીયા (ભુજપુર)નાં સહયોગે તૈયાર કરાયેલ. વિશાળ મંડપ વર્ધમાનનગરીનું ઉદ્‌ઘાટન શ્રી તારાચંદભાઈ છેડા, શ્રીમતી હંસાબેન છેડા તતા દમયંતિબેન મોતાએ કર્યું. મંડપ દાતાશ્રીઓનાં વરદ હસ્તે દિપપ્રાગટ્ય બાદ પૂજ્યશ્રીનાં મુખે માંગલિક શ્રવણ થયું.

સફેદ વસ્ત્રોમાં સજજ શ્રાવક-શ્રાવિકાઓની વિશાળ ઉપસ્થિતિ હતી.. ચાર્તુમાસ સમિતિ અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડા સ્વાગત કર્યું.

પૂ. ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.સા.. પૂ. મુનીશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.એ તથા પૂ.મુનિ શ્રી રત્નાકરસાગરજી મ.સા. એ પ્રાસંગિક પ્રવચન કરેલ. અને નવકાર મંત્ર મહિમા સમજાવેલ.. નવકારમંત્ર જાપ, ધૂન અને પૂજનથી સૌ ભક્તિરસમાં તરબોડ બન્યા.. ગુરૂમુખેથી મંત્ર અધિવાસિત વાસક્ષેપ સાથેની ૧૦૮ મણકાની નવકારવાળી શ્રાવક-શ્રાવિકાઓને પ્રભાવના કરાઈ. નવ કરોડ નવકારમંત્ર જાપનો આરંભ કરાયો.. ચાર કલાક સુધી ચાલેલા આ પૂજનમાં ભાવિકોની સારી હાજરી રહી.

કાર્યક્રમનું સંચાલન શ્રી ચંદ્રકાન્તભાઈ દેઢીયાએ જ્યારે આભાર દર્શન શ્રી મહેન્દ્રભાઈ શાહે કરેલ.. વ્યવસ્થામાં સર્વે કાર્યકરોએ સહયોગ આપેલ..

સમગ્ર ચાર્તુમાસ સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા પરિવારે લીધેલ છે.

## અબડાસામાં જમીન માપણી કાર્યક્રમ

રાજ્ય સરકારના રેવેન્યુ વિભાગ દ્વારા લેન્ડ રેકોર્ડ માટે જમીન માપણી કાર્યક્રમ હેઠળ અબડાસા તાલુકાના કેટલાક ગામોનું જમીન માપણી કાર્ય અગાઉ થયેલ છે.

હવેના રાઉન્ડમાં કોઠારા ૧૪-૭, વાંકુ ૨૦-૭, રાપરગઢ ૨૪-૭ નાનીસિંધોડી ૨૧-૭, વારાપધ્ધર ૨૬-૭, પરજાઉ ૪-૮, લાલા ૭-૮, જશાપર ૭-૮ રાણપર ૯-૮ના કાર્યવાહી થશે.. સંબંધિતોએ એ સમયે ત્યાં જઈ ચોકસાઈ કરી લેવી હિતાવહ રહેશે.

## યોગ અને પ્રાકૃતિક જીવન જાગૃતિ શિબિર

યોગ નિષ્ણાંત ગીતા જૈનના માર્ગદર્શને યોગ અને પ્રાકૃતિક જીવન શૈલી વિષેની ઉપયોગી શિબિર અભિયાનમાં ૧૬ થી ૨૫-૭ પાલીતાણા, ૨૬ થી ૫-૮માં બોટાદ અને ૬ થી ૧૫-૮માં ભાવનગરમાં યોજાશે ઈચ્છુકોને જોડાઈને લાભ લેવા અપીલ કરાઈ છે.

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ

ગ્રુપ દ્વારા દર વર્ષ પ્રમાણએ "સમુહ લગ્નોત્સવ-૨૦૧૨" કચ્છમાં યોજાશે. એ માટે દેશભરમાંથી નામો આવી રહ્યા છે. હજી જેઓ આ સમુહલગ્નમાં જોડાવવા ઈચ્છુક હોય તેઓ વહેલી તકે કાર્યકરોનો સંપર્ક કરી નામ નોંધાવી લે એમ જણાવાયું છે.

### નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હંસકુમાર દામજી લોડાયા** | ૪૬/૧ ભગીરથ, સૈનિક હોસ્ટેલ પાસે, છાણી જકાતનાકા, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૦૨. ફોન 09328052332 |
| **દીપેશ નવીન મૈશેરી** | ૧૬, કાવેરી બીલ્ડીંગ, ગુપ્તે રોડ, ડોંબિવલી (વે)-૪૨૧ ૨૦૨ |
| **પારસ રમેશચંદ્ર લોડાયા** | ૩-૨-૩-૭૬, બીજે માળે, ડૉ. નીતુ ક્લિનિકની ઉપર, નિમ્બોલીઅડ્ડા, હૈદ્રાબાદ-૫૦૦૦૨૭ |
| **પુષ્પાબેન આર. લોડાયા** | 3-F શેલ્ટર, ડોર નં.૧૩, કે.કે. પુદુર રોડ, કોવિલમેડુ, કોઈમ્બતુર-૬૪૧૦૨૫. ફોન (0422) 2401418 |

### નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| સુનંદા વિજય નાગડા-ઘાટકોપર | 9768165308 | પ્રતિભા હંસકુમાર લોડાયા-વડોદરા | 09327692966 |
| કસ્તુરીબેન વિરચંદ શીયાળ-નાંદેડ | 9920556938 | જય કે. મોમાયા-અમદાવાદ | 09909411325/08128680444 |
| ભરત રાયચંદ લોડાયા-કોઈમ્બતુર | 09345070263 | રાજુલા ભરત લોડાયા-કોઈમ્બતુર | 09751035418 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩-૬-૧૨ | અમેરીકા | MJDH020504 | રેવા-રીશી હંસરાજ ઘરમશી | મંજલરેલડીયા | કન્યા |
| ૨૮-૫-૧૨ | ઇન્દોર | GEGS080204 | માયરા-તરૂણ મણિલાલ ગોસર | ગોએરસમા | કન્યા |
| ૨૬-૪-૧૨ | ડોંબિવલી | MJKN | કેતન-વિજય ખોના | મંજલ | કન્યા |
| ૨૦-૬-૧૨ | યલવીગી | DALO | સતીષ-મનોજ ઇશ્વરલાલ લોડાયા | દલતુંગી | પુત્ર |
| ૨૮-૬-૧૨ | ભાંડુપ | DALI | પરી-મીતેશ રમેશ લાપસીયા | દલતુંગી | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫-૭-૧૨ | ભાંડુપ | VVLO010803 | વિકી હર્ષદ મુલચંદ લોડાયા | વારાપધર | ૨૭ |
| | મુલુંડ | JKHF020403 | કોમલ રાજેશ ડુંગરશી હેફા | જખૌ | ૨૪ |
| ૫-૭-૧૨ | ઘાટકોપર | NLNG013303 | સ્મિત પરેશ ભવાનજી નાગડા | નલીયા | ૩૦ |
| | ડોંબિવલી | KRLI010504 | અનિતા મહેશ લખમશી લાપશીયા | કોઠારા | ૨૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪-૭-૧૨ | બેંગલોર | SUMT0120402 | ભાવેશ લક્ષ્મીચંદ જીવરાજ મોતા | સુથરી | ૩૧ |
| | બેંગલોર | A | પૂજા અનીલકુમાર રોય યાદવ | પટના | ૨૬ |
| ૬-૭-૧૨ | મુલુંડ | LLLA020303 | દર્શીત સંજય ગોવિંદજી લાલકા | લાલા | ૨૬ |
| | ચેમ્બુર | A | હિરલ હેમંત અમરચંદ છાડવા | મોટીખાખર | ૨૬ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯-૬-૧૨ | ડોંબિવલી | VKLO | વિશાલ સોમચંદ માણેકજી લોડાયા | વાંકુ | ૩૦ |
| | ડોંબિવલી | RPNG | પ્રિયા સોમચંદ વીશનજી નાગડા | રાપરગઢ | |
| ૨૯-૬-૧૨ | ગદગ | JKDH031004 | ઈશ્વર પ્રવીણ શાંતિલાલ ઘરમશી | જખૌ | ૩૦ |
| | લાતુર | LADD010203 | વર્ષા (સોનલ) નરેન્દ્ર લાલજી દંડ | લાખાણીયા | ૨૬ |
| ૨૯-૬-૧૨ | વડોદરા | VRDA041303 | પૃથ્વીરાજ તિલકચંદ ચીમનલાલ ડાઘા | વરાડીયા | |
| | જલગામ | BRMO030204 | વિરાલી દિનેશ ઝવેરચંદ મોમાયા | બારોઈ | |
| ૨૨-૪-૧૨ | ભુજ | KRMU011103 | સોહમ કુલીન પદમશી મુનવર | કોઠારા | |
| | વડોદરા | LLLA040303 | રેશા લીલમભાઈ કુંવરજી લાલકા | લાલા | |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯-૬-૧૨ | ડોંબિવલી | NLCD | હર્ષ વિજય પદમશી છેડા | નલીયા | ૩૧ |
| | કલ્યાણ | A | રેણુ દીનાનાથ શર્મા | જયપુર | ૩૧ |
| -૬-૧૨ | | KBLO | સમીર વિજય સોમચંદ લોડાયા | મોટીખાવડી | ૨૪ |
| | | A | રેશ્મા દામોદર શેટ્ટી | મુડબીદ્રી | ૨૨ |
| ૫-૫-૧૨ | બેલાપુર | LLDD010301 | કિરીટ મુરજી કલ્યાણજી દંડ | લાખાણીયા | ૪૬ |
| | બેલાપુર | A | નેહા રમેશ શાહ | વઢવાણ | ૩૫ |

### સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩-૭-૧૨ | મુલુંડ | NLNG0401003 | દર્શક ગીરીશ મણીલાલ નાગડા | નલીયા | ૨૪ |
| | મુલુંડ | CDDD020703 | હેમાલી જયેશ ભવાનજી દંડ | છાદુરા | ૨૧ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭-૭-૧૨ | શાંતાક્રુઝ | DADD040102 | સરલા માણેકજી કુંવરજી દંડ | ભરૂડીયા | ૭૦ |
| ૫-૭-૧૨ | ધામણગામ | SILO270301 | મણીલાલ જેતશી લોડાયા | સાંયરા | ૬૨ |
| ૪-૭-૧૨ | કરાડ | TRNG032201 | વનીતાબાઈ વાલજી નાગડા | તેરા | ૭૭ |
| ૩૦-૬-૧૨ | અમદાવાદ | | સુંદરબાઈ લક્ષ્મીચંદ દેવરાજ દંડ | સાધવ | ૫૭ |
| ૫-૭-૧૨ | ડોંબિવલી | BYPL071002 | દમયંતી ઉમરશી વેરશી પોલડીયા | બાયઠ | ૫૮ |
| ૯-૭-૧૨ | ઘાટકોપર | KUMT041101 | રાયચંદ વિશનજી ઉદેશી મોતા | કુઆપધર | ૮૪ |

॥ શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥

# હાર્દિક અભિનંદન



## ચિ. સંભવ સમીર દંડ-સુથરી હાલ કોચીન

(જન્મ તારીખ : ૦૭-૦૮-૧૯૯૦)

**Branch Topper, B-Tech (Chemical Engineering) Paper & Pulp**

**IIT, Roorkee**

## શુભાશિષ

| | | |
|---|---|---|
| પર દાદી દાદા | - | સ્વ. લીલાવતી જવેરીલાલ દંડ |
| દાદી દાદા | - | ભારતી નવીનચંદ્ર દંડ, સુથરી - કોચીન |
| નાની નાના | - | સ્મિતા હીરાલાલ મોમાયા, વરાડીઆ - મુંબઈ |
| માતા પિતા | - | મનીષા સમીર દંડ, સુથરી - કોચીન |
| ફઈ ફુવા | - | અનુપમા ચિન્તુ નરસી, સુથરી - મુંબઈ |
| | | ઉષા કીશોર કુરૂવા, બાયઠ - કોચીન |
| | | રેશમા રોહિત છેડા, નલીયા - બેંગલોર |
| બહેનો | - | ભૈરવી સમીર દંડ, રાગીની રોહિત છેડા |

શ્રી આણંદજી માલશી દંડ, શ્રી મેઘજી માલશી દંડ પરિવાર તથા

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, કોચીન ના ખૂબ ખૂબ અભિનંદન

**C.D.O. Prakash Samiksha R.N.I. No. MAHGUJ/1998/04640**
**Regd. No. MH/MR/East/53/2012-14**
**Posting: Monday/Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.**

# વસમી વિદાય



જન્મ
તા. ૧૭-૧૧-૧૯૪૬

અરિહંતશરણ
તા. ૨૭-૬-૨૦૧૨

## અ.સૌ. મીના કાંતિલાલ ઉમરશી ખોના

(નલિયા - કોચીન)

આપની વસમી વિદાય અમારા સૌના અંતરને હલાવી ગઈ. ક્ષણ-ક્ષણ ભારી બની ગઈ છે. આપની ખોટ સદાય સાલશે. હર પળે, હર પ્રસંગે આપનો હસતો ચહેરો અમારા નયન ભીના કરી જશે. કાળનો આ કારમો આઘાત જીવન પર્યંત રહેશે. આપના હૃદયની પ્રેમળતા અને લાગણીભરી યાદ કદી નહીં વિસરાય. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે અને ભવોભવ જૈન ધર્મનું શરણું મળે. જેના સહારે આપનો આત્મા ઉન્નતિના પંથે અગ્રેસર રહે એજ અભ્યર્થના સાથે ....

| | | |
|---|---|---|
| પતિ : | કાંતિલાલ ઉમરશી ખોના | |
| સાસુ-સસરા : | સ્વ. રતનબાઈ ઉમરશી જેવત ખોના | નલિયા - કોચીન |
| માતા-પિતા : | સ્વ. ભચીબાઈ મુલજી દેવજી લોડાયા | બારોઈ - જલગામ |
| દેરાણી-દિયર : | સૌ. પુષ્પા રોહિત ઉમરશી ખોના | નલિયા - કોચીન |
| પૌત્ર : | ચિ. રોનક રોહિત ખોના | નલિયા - કોચીન |
| દોહિત્ર : | ચિ. વીર વિક્રમ લોડાયા | બાંઢિયા - ભુજ |
| નણંદ-નણદોઈ : | સૌ. જમકુબેન રતિલાલ કેશવજી શાહ | જખૌ - રાયપુર |
| | ગં.સ્વ. મેનાબેન ત્રિકમજી વેલજી મોમાયા | વરાડીયા - કોચીન |
| | સૌ. પ્રવિણા મણીલાલ વિસનજી ધરમશી | કોઠારા - બેંગલોર |
| | ચિ. મીરા ઉમરશી જેવત ખોના | નલિયા - કોચીન |
| ભાણેજ વહુ-ભાણેજ : | સૌ. પ્રભા ગિરીશ રવિલાલ શાહ | જખૌ - રાયપુર |
| | સૌ. કોશાલી ચેતન મણીલાલ ધરમશી | કોઠારા - બેંગલોર |
| ભાણેજીઓ : | સૌ. વર્ષા પ્રમોદ ખોના | જખૌ - મુલુંડ |
| | સૌ. રીટા નવીન દંડ | કોઠારા - ઘાટકોપર |
| | સૌ. નીતા વિપીન લોડાયા | જખૌ - પુના |
| | સૌ. જસ્મીન વિક્રમ લાલકા | બાંઢિયા - ભુજ |

**તથા સમસ્ત જેવત હીરજી ખોના પરિવાર નલિયા**

અમારા દુ:ખદ સમયમાં રૂબરૂ-એસએમએસ-ફોન દ્વારા ધીરજ અને સાંત્વના આપી દુ:ખમાં સહભાગી થનારા સર્વેનો અમે અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ.

**ઉમરશી જેવત ખોના પરિવાર**

To,

*If undelivered, please return to :*
C.D.O. Prakash Samiksha, C/o. Shri R. R. Nagda, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai-400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No. G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai-400 093. and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**